CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૫૧
તા.૦૬-૦૭-૨૦૧૮, શુક્રવાર
સંવત ૨૦૭૪ જેઠ વદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૦ સૂર્યાસ્ત : ૦૭:૨૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૬ | વડોદરા | ૩૪.૭ |
| અમદાવાદ | ૩૬.૪ | સુરત | ૩૨.૪ |
| ગાંધીનગર | ૩૬.૪ | નલિયા | ૩૩.૮ |

ચાંદી : ૪૦,૨૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ભારે વરસાદના લીધે હજારો કૈલાશ માનસરોવર યાત્રિકો અટવાયા

## વિચાર વૈભવ...

### અવિચારી કૃત્યો

જગતમાં બે પ્રકારના લોકો એટલી બધી સમસ્યાઓ ઊભી કરે છે કે તેઓ કંઈ ન કરતા હોત તો આ જગત ઉપર મોટો ઉપકાર થાત. વિદ્વાનોનો એક એવો વર્ગ છે કે જેઓ ઉત્તમ કરવાના ખુશનુમા ખ્યાલમાં દ્વિધામાંથી બહાર જ આવતા નથી અને નિષ્ક્રિય થયેલા રહે છે. આપણા દેશમાં નિષ્ક્રિય લોકોને કારણે ઘણા પ્રશ્નો સર્જાય છે અથવા ઉકેલાતા નથી. એની સામે એક ભણેલા અને ઓળખી શકાય એવા મૂર્ખાઓનો સમાજ છે જે વિચાર્યા વગર કંઈ ને કંઈ પરાક્રમ કર્યા કરે છે. તેઓ પણ પ્રશ્નમાં વધારો કરે છે. આ બન્ને પ્રકારના લોકો સમાજ પરનો એક બોજ છે. કોઈ પણ કૃત્ય તે સ્વકલ્યાણનું હોય કે લોકકલ્યાણનું હોય વિચારીને કરવું જોઈએ. બુદ્ધિયોગના પ્રયોજન વિનાના પરાક્રમો બહુ મોટી આપત્તિને નોંતરનારા હોય છે. મનુષ્ય પૃથ્વી ઉપર એકચક્રીય શાસન કરતો આવ્યો છે. એની પાછળનું કારણ પ્રકૃતિએ એનામાં વિકસિત કરેલો બુદ્ધિયોગ છે. એને બાજુમાં રાખીને તમે જે કાંઈ કરો છો તે તમને ફરીવાર પશુની વ્યાખ્યામાં મુકી આપે છે. સંસારમાં અવિચારી કૃત્યોએ ઘણો મોટો કોલાહલ સર્જેલો છે અને આજકાલ તો અખબારોમાં અવિચારી કૃત્યોના સમાચારોએ પણ ઘણી જાજી જગ્યા રોકી રાખી છે. આ દિશામાંથી સમાજના એ લોકોને પાછા વાળવા અને કોઈ પણ કૃત્ય કરતા પહેલા એનામાં વિવેકબુદ્ધિપૂર્વક વિચારવાની ક્ષમતા કેળવવી એ આવા સંકટ સમયે આખા સમાજની જવાબદારી થઈ પડે છે.

ગિજુભાઈ ભરાડ

**ભારતીય દુતાવાસના અધિકારીઓ અને તેમની ટીમ સહાયમાં સતત સક્રિય ખરાબ હવામાનની અસર : અટવાઇ પડેલા શ્રદ્ધાળુઓને ખસેડવાની પ્રક્રિયા જારી**



નવીદિલ્હી

તિબેટમાં કેલાશ માનસરોવર તીર્થયાત્રીઓની તકલીફ હજુ પણ ઓછી થઈ રહી નથી. તીર્થ યાત્રાથી પરત ફરી રહેલા ભારતીય શ્રદ્ધાળુઓની તકલીફ હજુ પણ ખતમ થઈ રહી નથી. ખરાબ હવામાન અને વરસાદના કારણે નેપાળના પર્વતીય ક્ષેત્રમાં ફસાયેલા ઓછામાં ઓછા ૧૦૦૦ લોકો હજુ મદદની રાહ જોઈ રહ્યા છે. નેપાળમાં ભારતીય દુતાવાસ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. સક્રિય રહેલા સંબંધિત અધિકારીઓ કેલાશ માનસરોવર તીર્થ યાત્રાથી પરત ફરતી વેળા ભારે વરસાદ થયો હતો જેના કારણે ફસાઈ ગયેલા શ્રદ્ધાળુઓના બચાવના પ્રયાસમાં લાગેલા છે. ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાના પ્રયાસો યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. હિલ્સામાંથી ગઈકાલે ૨૫૦ ભારતીય તીર્થયાત્રીઓને કાઢી લેવામાં આવ્યા હતા. નેપાળમાં ભારતીય દુતાવાસે ટ્વીટ કરીને કહ્યુ છે કે પાંચ જુલાઈની સવારે ૧૦ વાણિજ્ય વિમાન ૧૪૩ તીર્થયાત્રીઓને સિમીકોટથી લઈને નેપાળગંજ પહોંચી ગયા હતા. ભારતીય દુતાવાસના કહેવા મુજબ સિમિકોટમાં

અનુસંધાન પાના નં.૬

**ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદી માહોલ**

## દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની ચેતવણી યથાવત



અમદાવાદ

ગુજરાતના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટાનો દોર છેલ્લા ૨૪ કલાકમાં જારી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં કેટલીક જગ્યાએ નોંધપાત્ર વરસાદ પણ થયો છે. સૌરાષ્ટ્રમાં પણ કેટલીક જગ્યાએ વરસાદ થયો છે. દક્ષિણી પાકિસ્તાન ઉપર સર્જાયેલા અપએર સાયક્લોનિક સરક્યુલેશનના લીધે તેની અસર પણ જોવા મળી રહી છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. દક્ષિણ ગુજરાત, વલસાડ, નવસારી, દમણ, દાદરાનગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવી છે. અમદાવાદમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે પરંતુ વરસાદ થઈ રહ્યો નથી. અત્રે ઉલ્લેખનિય છે કે ગયા શુક્રવારના દિવસે બનાસકાંઠા-સાબરકાંઠામાં મેઘરાજા મનમૂકીને વરસ્યા હતા, જ્યાં

અનુસંધાન પાના નં.૬

## અક્ષમ્ય બેદરકારી : પાલનપુરમાં કલેક્ટર કચેરીના સરકારી સિક્કા કચરાના હવાલે

**વિવિધ વિભાગના ૫૦ જેટલા સરકારી સિક્કા કચરામાં ફેંકી દેવાયા : જિલ્લા કલેક્ટરે આપ્યા તપાસના આદેશ**





(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર ખાતે કાર્યરત બનાસકાંઠા જિલ્લા કલેક્ટર કચેરીની ગંભીર બેદરકારી સામે આવી છે. કલેક્ટર કચેરીના અગત્યના ૫૦ જેટલા સરકારી સિક્કા કચરામાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. જોકે, અક્ષમ્ય બેદરકારી સામે આવતા જિલ્લા કલેક્ટર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

પાલનપુર ખાતે જોરાવર પેલેસમાં કાર્યરત જિલ્લા કલેક્ટર કચેરીમાં અનેકવિધ કચેરીઓ કાર્યરત છે. જિલ્લાના મિની સચિવાલય તરીકે ઓળખાતા આ કેમ્પસમાં જિલ્લાભરમાંથી લોકો રજૂઆત, સરકારી કામ કાજ, દાખલ માટે આવતા હોય છે. જ્યાં મુખ્ય જિલ્લા કલેક્ટર કચેરીના પાછળના ભાગેથી અગત્યના કહી શકાય તેવા ૫૦ જેટલા સરકારી રબ્બર સ્ટેમ્પ (સિક્કા) કચરામાંથી મળી આવતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. સિક્કા કચરામાં ફેંકી દેવાયા હોવાનો વિડીયો વાયરલ થતાં સમગ્ર

અનુસંધાન પાના નં.૬

તપાસના આદેશ કર્યા છે : સંદિપ સાગલે (જિલ્લા કલેક્ટર, બનાસકાંઠા)
કચેરીના સિક્કા કચરામાં ફેંકી દેવાયા હોવાની ઘટના ગંભીર છે. આ અંગે જવાબદાર કર્મચારી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જે માટે તપાસના આદેશ કર્યા છે.

**અગાઉ બનાવટી સિક્કાના આધારે યુવકોને નોકરી અપાઇ હતી**

બનાસકાંઠા જિલ્લાના તત્કાલિન કલેક્ટર દિલીપ રાણાના સમયમાં પાલનપુર તાલુકાના એક શખ્સે જિલ્લા કલેક્ટર કચેરીનો બનાવટી સિક્કો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી કેટલાક યુવકો પાસેથી નાણાં પડાવી ખોટી રીતે શિક્ષકની નોકરીના ઓર્ડર પણ આપી દીધા હતા. જોકે, આ યુવક શાળામાં નોકરીએ હાજર થવા જતાં સમગ્ર ભાંડો ખુલી જવા પામ્યો હતો.

**૧૫મી ઓગસ્ટથી વેચાણ : જીઓ ફોન બદલી ૫૦૦ ચુકવવા પડશે**

## જીઓ ફોન-૨ લોંચ : માત્ર ૨૯૯૯ રૂપિયામાં મળશે

નવીદિલ્હી

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીએ આજે વાર્ષિક એજીએમમાં જીઓ નેટવર્કના સંદર્ભમાં કેટલીક મોટી બાબતોનો સ્પષ્ટરીતે ઉલ્લેખ કર્યો હતો. ગયા વર્ષે રિલાયન્સની વાર્ષિક સામાન્ય બેઠકમાં જીઓ ફોન લોંચ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ વખતે આ બેઠકમાં જીઓ ફોન-૨ની શરૂઆત કરવામાં આવી હતી. મુકેશ અંબાણીએ માહિતી આપતા કહ્યું હતું કે, હજુ સુધી અઢી કરોડથી વધારે યુઝર્સ જીઓ ફોન ખરીદી ચુક્યા છે. બેઠકમાં લોંચ જીઓ-૨ ફોન લોંચ કરાયો હતો જે ગયા વર્ષે રજૂ કરવામાં આવેલા જીઓ ફોનના અપગ્રેડેડ વર્ઝન છે. મુકેશ અંબાણીની પુત્રી ઈશા અંબાણી અને પુત્ર આકાશ અંબાણીએ જીયો ફોન સાથે જોડાયેલા નવા ફીચર અંગે માહિતી આપી હતી. ઈજિયો ફોનમાં હવે ત્રણ નવા એપ્લિકેશન

અનુસંધાન પાના નં.૬

## મોદી સામે મોરચો : ૨૫૨ સીટ પર વિપક્ષી ગઠબંધનની વકી

નવી દિલ્હી

આગામી લોકસભાની ચૂંટણી માટે કેટલાક વિરોધ પક્ષોએ અત્યારથી જ ભાજપની સામે ચૂંટણી પૂર્વેના ગઠબંધન માટે કામ શરૂ કરી દીધુ છે. આ પાર્ટીઓનો હેતુ દરેક રાજ્ય મુજબ ગઠબંધન કરીને પોત પોતાની રાજકીય શક્તિને વધારી દેવાનો છે. સાથે સાથે આ રાજ્યોમાં ભાજપની સીટોને ઘટાડી દેવાનો પણ હેતુ રહેલો છે. આ મામલા સાથે જોડાયેલા નેતાઓનુ કહેવુ છે કે જુદા જુદા રાજ્યોમાં આ દિશામાં કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. હજુ સુધી સાત રાજ્યોમાં આ પ્રકારના ગઠબંધનની સંભાવના દેખાઈ રહી છે. જે રાજ્યોમાં ભાજપ અને તેના સાથી પક્ષોએ વર્ષ ૨૦૧૪ બાદ ઝડપથી સફળતા હાંસલ કરી છે તે

અનુસંધાન પાના નં.૬

## સાર સમાચાર...

### કર્ણાટક : પ્રથમ બજેટમાં જ ખેડૂતોની લોન માફ કરાઈ

બેંગ્લોર

કેટલાક દિવસની ખેંચતાણ અને લાંબી કાયદાકીય ગુંચ બાદ કર્ણાટકમાં આખરે રચવામાં આવેલી કોંગ્રેસ અને જનતા દળ (એસ)ની ગઠબંધન સરકારના મુખ્યપ્રધાન એચડી કુમારસ્વામીએ વિધાનસભામાં આજે પ્રથમ બજેટ રજ કર્યુ હતુ. જેમાં કુમારસ્વામીએ ધારણા પ્રમાણે જ ખેડુતોને લોન માફીની જાહેરાત કરી હતી. રાજ્ય વિધાનસભામાં વર્ષ ૨૦૧૮-૧૯ માટેનુ બજેટ રજૂ કરતી વેળા કુમારસ્વામીએ કેટલીક લોકલક્ષી જાહેરાત કરી હતી. આશાઓને પૂર્ણ કરીને કુમારસ્વામીએ બજેટમાં ચૂંટણી વચનને કેટલાક અંશે પૂર્ણ કર્યા હતા. કુમારસ્વામીએ બે લાખ રૂપિયા અને તેનાથી ઓછી લોન લેનાર ખેડૂતોની લોન માફીની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ લોન માફી માટે ૩૪૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી છે. અલબત્ત આ રાહતની સાથે કઠોળ, ડીઝલ અને વિજળીની કિંમત વધવાથી સામાન્ય પ્રજા માટે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

## ગતકડું....
- દેવન વ્યાસ



મને ખબર છે કાશ્મીરમાં તોફાનો ચાલુ છે. તેથી જ તમે મને વારંવાર અમરનાથજીની યાત્રામાં જવા માટે આગ્રહ કરો છો...!!

## મડાલ હત્યા કેસના આરોપીને દસ વર્ષની કેદની સજા ફટકારાઈ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ગતરોજ દીઓદર ચોથા એડીશન જજ શ્રી પી.પી.પટેલ સાહેબે થરાદ તાલુકાના મડાલ ગામના જેવરજી રૂપાજી ઠાકોર ને ૧૦ વર્ષની સજા ફટકારેલ. તેમજ રૂા.૫૦૦૦ નો દંડ ફટકારેલ. જ્યારે અન્ય ત્રણ આરોપીઓને નિર્દોષ છોડી દીધેલ.

બનાવની વિગત મુજબ થરાદ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુન્હા રજી. નં. ૨૧૮/૧૫ ઈ.પી.કો.કલમ ૩૦૨,૩૨૪ મજુબ વાઘાજી મોહનજી ઠાકોર રહે. મડાલ તા.થરાદે ફરીયાદ નોધાવેલ કે આરોપીઓ મરનાર સેધાભાઈ વાઘાભાઈ રહે.મડાલ તેમની છોકરીને ભગાડીને લઈ ગયેલ.જેનું મનદુખ રાખી આરોપી જેવરજી રૂપાજી ઠાકોર તથા ઠાકોર પહાડજી જેવરજી, ઠાકોર હોથીજી જવાજી, ઠાકોર ગણાજી મેરૂજી એ ભેગા મળી મરનારના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડેલ. અને તેમનો પુત્ર એક મહિનાની સારવાર બાદ મૃત્યુ પામેલ. આ કેશ આજરોજ દીઓદર સેસન્સ કોર્ટમાં ચાલી જતાં પી.પી.આર.ડી.જોષી આદિએ ધારદાર દલીલો કરેલ. અને મુખ્ય આરોપી જેવરજી રૂપાજીને દસ વર્ષની સજા ફટકારેલ.

**ગુજરાતી મહિલા શ્રદ્ધાળુના મોતથી આઘાતનું મોજુ**

## અમરનાથ યાત્રામાં સેંકડો ગુજરાતી શ્રદ્ધાળુઓ ફસાયા

અમદાવાદ

ભારે વરસાદ અને ખરાબ હવામાનના પરિણામ સ્વરુપે અમરનાથ યાત્રામાં ગયેલા શ્રદ્ધાળુઓ ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. અમરનાથ યાત્રાને વારંવાર રોકવામાં આવી રહી છે.

પંચતારણી બેઝકેમ્પ નજીક કોમ્યુનિટી કિચન ચલાવનાર ગુજરાતી મિલિંદ વૈદ્યના કહેવા મુજબ શ્રદ્ધાળુઓને ખાનગી વાહનોમાં આગળ ન વધવા માટે કહેવામાં આવ્યું છે. કારણ કે રસ્તાઓ ખરાબ હવામાન અને વરસાદના કારણે બંધ કરવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પંચતારણી અને શેષનાગ વચ્ચે પણ અટવાયા છે. ગુજરાતમાંથી ૧૦૦થી પણ વધુ શ્રદ્ધાળુઓ અટવાયા હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ ગાંધીનગરની મહિલાનું અમરનાથ યાત્રા દરમિયાન અટેકેથી મોત થયું છે. મૃત્યુ પામેલા મહિલાની ઓળખ કરી લેવામાં આવી છે. તેમની ઓળખ નાનીબેન પરમાર તરીકે થઇ છે. ગુફાથી છ કિલોમીટરના અંતરે સ્થિત તેમનું મૃત્યુ થયું હતું. તેમના પતિ પણ તેમની સાથે હોવાનું જાણવા મળ્યું છે. પહેલગામ અને બાલતાલમાં યાત્રાને રોકી દેવામાં આવી છે.

## વાવના કુંડાળિયાના પુર પીડીતોને અન્યાય થતાં ઉચ્ચસ્તરે રજુઆત

તા.પ્રતિ. વાવ

૨૦૧૭ માં વાવ તાલુકામાં અતિભારે પૂર આવતા કુંડાળીયા ગામની ચારે દીશામાં પાણી ભરાઈ ગયા હતા. સતત ૬ માસ સુધી કુંડાળીયા ગામનો ૧૫ કી.મી. દુર રસ્તો ઓળંગી વાયા માવસરી થઈને મુસાફરી કરતા હતા.

જે સમયે કુંડાળીયા ગામમાં કેટલાય પાકા કાચા મકાનો ધરાશાયી થઈ ગયા હતા. જે બાબતે કુંડાળિયા ગામના ડે.સરપંચ પટેલ દશરથભાઈ એ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે ૨૦૧૭ ના સમયે પૂર આવેલ તે સમયે જેતે વખતના સર્વેયર મકાનોનું સર્વે કરી કામગીરીનો અહેવાલ તાલુકા કક્ષાએ મોકલાવી દીધેલ જે લોકોના મકાનો સંપૂર્ણ ધરાશાય થયા હતા. તેવું સર્વેયરે ૧૦૦ ટકા સર્વે કરેલ હોવા છતાં તાલુકા પંચાયત કચેરી વાવખાતેથી સંપૂર્ણની જગ્યાએ અંશતઃ ની નોંધ પડતા કુંડાળીયા ગામના ઈશ્વરભાઈ નીલાભાઈ પટેલે તાલુકા કક્ષાએ ૨૦૧૭ ની પુરની આર.ટી.આઈ. માટેની માહિતી માંગવા છતાં જવાબદાર તંત્ર પાસેથી વિતગવાર માહિતી મળતાં તેઓએ ઉચ્ચસ્તરે રજૂઆત કરી છે અને હજુ ૧ સપ્તાહ સુધી આર.ટી.આઈ. માહિતી નહીં મળે તો ડે.સરપંચ દશરથભાઈ પટેલે હાઈકોર્ટના દ્વાર ખખડાવાની ચીમકી ઉચ્ચારી છે. જોકે આ બાબતે કુંડાળીયા ગામના દલિત યુવા અગ્રણી બબાભાઈ રૂપાભાઈ એ મીડીયા સમક્ષ જણાવ્યું હતું ૨૦૧૭ ના પૂરના વાવ તાલુકામાં અતિપીડીત કુડાળિયા ગામ હતું વાવ તાલુકાના તમામ પીડીત ગામોને મકાન સહાય મળી ગઈ છે. જ્યારે કુંડાળીયા પીડીતો ૧ વર્ષથી હજુ ધરમ ધક્કા ખાય છે. યોગ્ય તપાસ માટે ફરી સર્વે કરી સાચા પીડીતોને ૨૦૧૭ ની પૂરની મકાન સહાય ફાળવવામાં આવે તેવી કુંડાળયા ગામના પીડીતોની ઉગ્રમાંગ છે.

CMYK

સૂર્યોદય - ૬.૦૦ સૂર્યાસ્ત - ૭.૨૯

## તિથિદર્શન

જેઠ વદ-૮ શુક્રવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :આઠમ શુક્રવાર નક્ષત્ર: ઉત્તર ભાદ્રપદ સવારે ૬.૫૪ પછી રેવતી યોગ :શોભન કરણ : બાલવ આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**મુહૂર્તમપિ જીવેત નરઃ શુક્લેન કર્મણા**
**ન કલ્પમપિ કૃષ્ણેન લોકદ્વય વિરોધીના**

'શુદ્ધ- સત્ય, ન્યાયયુક્ત, કર્તવ્યનિષ્ઠાથી આદરેલું, મૂલ્યો- સિદ્ધાંતો આધારિત કર્મ કરીને જો એક ઘડી- ક્ષણ- પળભર પણ જીવવાનું થાય. જીવવા મળે તો માણસે એ ક્ષણભર જીવવાનું પસંદ કરવું - સ્વીકારી લેવું. પરંતુ, કાળાં દુષ્કૃત્યો- સમાજવિરોધી- રાષ્ટ્રવિરોધી કૃત્યો કરીને કલ્પ સુધી પણ જીવવા મળતું હોય તોપણ એવું જીવન જીવવાનો કોઈ જ અર્થ નથી.

સાત્વિક- નિર્દોષ જીવન જીવવામાં જે શાંતિ છે એનો અદ્‌ભુત આનંદ, જીવવાનો માનસિક સંતોષ- નિરાંતની નિદ્રા અને મનની પ્રફુલ્લિતતાની અનુભૂતિ- માત્ર સત્યપથ પર ચાલનારને જ મળે છે. એ સદાય હળવાશભર્યું- નિશ્ચિત જીવન જીવે છે,એ તદ્દન સામાન્ય ખોરાક ખાઈને પણ તંદુરસ્ત જીવન જીવી શકે છે. શુદ્ધ- ન્યાયમુક્ત અને કર્તવ્યનિષ્ઠ ફરજમાં આ જાદુ છે.

જ્યારે ખોટાં, કાળાં, ગુનાઈત કર્મો કરનારને એનો આત્મા અંદરથી એને ઊંઘવા ન દે, ખોરાક ખવાય નહીં, પરાણે ખાય એને પચે નહીં, લોહી ન થાય અને સતત ચિંતા- દબાણમાં રોગો પણ સરળતાથી હુમલો કરે છે.

આમ સાત્વિક જીવન ઉત્તમ છે.

દોષિ જીવન દૂષિત છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)આપની ઇચ્છા અટકીને પૂર્ણ થાય. કાર્યબોજમાં વધારો થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) શેર-સટ્ટા, જુગારથી દૂર રહેવું. વ્યાપારમાં તેજી રહે.**
**મિથુન : (ક.છ.ઘ.)સંપત્તિને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલવર્ગથી લાભ થાય.**
**કર્ક : (ડ.હ.)નોકરીયાત વર્ગને બઢતી-બદલીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય.**
**સિંહ : (મ.ટ.)કૌટુંબિક વિવાદના ભોગ બનવું પડે. માંગલિક કાર્યમાં સફળતા મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.)પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. નાણાંભીડ દૂર થાય.**
**તુલા : (ર.ત.)ખાવા-પીવામાં કાળજી રાખવી. નવિન શુભ સમાચાર મળે.**
**વૃશ્ચિક : (ન.ય.)આકસ્મીક પ્રવાસના યોગ સર્જાય. વાદ-વિવાદથી દૂર રહેવું.**
**ધન : (ભ.ફ.ધ.)શત્રુઓને પીછેહટ કરવી પડે. અટકેલા કામમાં પ્રગતિ થાય.**
**મકર : (ખ.જ.)સ્નેહિ-મિત્રની મદદથી નાણાંકીય સમસ્યા ઉકેલાય. લાભની તક સાંપડે.**
**કુંભ : (ગ.શ.સ.)અકારણ મનમાં ચિંતા અનુભવાય. કોર્ટ-કચેરીના કાર્યોથી દૂર રહેવું.**
**મીન : (દ.ચ.જ.થ.)કોઇ નવી જગ્યાનો પ્રવાસ થાય. માનસિક પ્રસન્નતા અનુભવાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

અંગ્રેજી ભાષાના મહાન નવલકથાકાર અને નવલિકાકાર વિલિયમ ફોકરનરની પુણ્યતિથિ છે. એમનો જન્મ તા. ૨૫-૯-૧૮૯૭ના રોજ ના અમેરિકાના સિસિસિપીના જૂ આલ્બનીમાં થયો હતો.

તેમણે 'મોસ્કવીટોઝ', 'સોલ્જર્સ પે', ' સોર્ટોરીસ', 'ધી સાઉન્ડ ઓફ ધી ફયુરી' જેવી યાદગાર નવલકથાઓનું પ્રદાન કર્યું છે. આ મહાન નવલકથાઅકારનું તા. ૬-૭-૧૯૬૨ ના અવસાન થયુ.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
।। રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ।।
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૬.૦૭.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા.૦૫.૦૭.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૭૬૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૭૯૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૭૪૭ પોઈન્ટ થી ૧૦૭૩૦ પોઈન્ટ, ૧૦૭૧૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૫.૦૭.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૪૮૩ પોઈન્ટ**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૨૬૨૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૬૫૦૫ પોઈન્ટ થી ૨૬૫૧૫ પોઈન્ટ, ૨૬૫૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૫૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૯૫૯) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૩૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૭૩ થી રૂ.૧૯૮૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૮૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ઇન્ફોસિસ (૧૨૯૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૮૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૭૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૦૩ થી રૂ.૧૩૧૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**એકસિસ બેન્ક (૫૧૩) :- રૂ.૪૯૭ નો પ્રથમ તેમજ રૂ.૪૯૦ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૫૨૩ થી રૂ.૫૩૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**રિલાયન્સ કેપિટલ (૩૬૭) :- ફાઇનાન્સ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૭૩ થી રૂ.૩૭૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૫૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**જેટ એરવેઝ (૩૩૫) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૨૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક એરલાઇન્સ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૪૨ થી રૂ.૩૪૭ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**CEAT લિમિટેડ (૧૨૫૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો ટાયર સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૨૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૪૭ થી રૂ.૧૨૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૨૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**લ્યુપિન લિમિટેડ (૯૨૧) :- રૂ.૯૩૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૪૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૯૧૨ થી રૂ.૯૦૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ગ્લેનમાર્ક ફાર્મા (૫૮૬) : ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૦૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૭૭ થી રૂ.૫૭૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**રિલાયન્સ ઇન્ફ્રા (૩૮૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઇન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરનો આ સ્ટોક રૂ.૩૯૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૭૭ થી રૂ.૩૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૪૦૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**વિપ્રો લિમિટેડ (૨૬૫) :- રૂ.૨૭૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૨૮૨ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૫૭ થી રૂ.૨૫૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૨૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# તપોવન સંસ્કારધામ - નવસારીમાં શપથવિધિ સમારોહ સંપન્ન



નવસારી

સીબીએસએફ રેસીડેન્સીયલ સ્કુલ તપોવન સંસ્કારધામ નવસારીમાં આજે શપથવિધિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂ.યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પં.પ્ર.શ્રી ચંદ્રશેખર વિ.મ.સા.ના આશીર્વાદ તથા પ.પૂ. મુનિશ્રી અનંતસુંદર વિ.મ.સા. અને પ.પૂ. મુની શ્રી જિનકીર્તિ વિ.મ.સા. ની નિશ્રામાં શપથવિધિ સમારોહની શરૂઆત થઈ હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે નવસારીના ડીવાયએસપી શિવપ્રસાદસિંહ રાણા હાજર રહ્યા હતા. સૌપ્રથમ શાળાના આચાર્ય દિલીપભાઈ દાસ દ્વારા તેમનું સ્વાગત અને ત્યારબાદ ચાર હાઉસના લીડરો દ્વારા માર્ચ પાસ થઈ હતી.

જેવી રીતે દેશના સુચારૂ સંચાલન માટે કાનૂન વ્યવસ્થા જરૂરી છે. સરકાર બદલાય પણ કાનૂન તેજ રહે છે. એવી વ્યવસ્થા બાળકોને શીખવવા દર વર્ષે વિદ્યાલયના વિદ્યાર્થીઓને ચાર ભાગમાં વહેંચવામાં આવે છે અને સામુહિક રૂપે હેડ બોય જાહેર કરવામાં આવે છે આ વર્ષે પણ ચાર હાઉસના કેપ્ટન વાઈસ કેપ્ટન સીસીએ ઈન્ચાર્જ સ્પોર્ટસ ઈન્ચાર્જ તથા ડીસીપ્લીન ઈન્ચાર્જની વરણી કરવામાં આવી તથા તે સૌને બેલ્ટ પહેરાવી બેચ આપી શપથ ગ્રહણ કરાવી હતી.

# થરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સેમીસ્ટર એકના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

હેમ.ઉ.ગુ.યુનિ. પાટણ સંલગ્ન શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃતલલાલ સુરાણી વિદ્યા સંકુલની શ્રીમતિ કે.કે.શાહ આર્ટસ એન્ડ શ્રીમતિ એલ.બી. ગુજારીયા કોમર્સ કોલેજ થરા ખાતે સંયુક્ત દાતા સેવંતીલાલ સુરાણીના અધ્યક્ષ સ્થાને બી.એ., બી.કોમ., એમ.એ., એમ.કોમ. સેમીસ્ટર એકના વિદ્યાર્થી ભાઈ - બહેનોનો પ્રવેશોત્સવ યોજાયો. કોલેજના નવ નિયુક્ત પ્રિન્સીપાલ ડો.દિનેશભાઈ એસ.ચારણે મહાનુભાવોનું શાબ્દિક પુષ્પોથી સ્વાગત કરી નવા પ્રવેશ પામતા વિદ્યાર્થી ભાઈ - બહેનોને આશિર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે પ્રા.ડી.ડી.ઝાલાએ કોલેજની રૂપરેખા રજુ કરેલ જયારે શિક્ષણવિદ નિરંજનભાઈ ઠક્કર, ડો.હેમરાજભાઈ પટેલ, પ્રા.સુરેશભાઈ ઠક્કરે પ્રાસંગીક પ્રવચન તથા અધ્યક્ષીય પ્રવચનમાં સેવંતીલાલ સુરાણીએ આશિર્વાદ પાઠવતા કોલેજના વિકાસ માટે દાનની જાહેરાત કરેલ જેમાં ચીનુલાલ ગુંજારીયાએ પણ પોતાનું યોગદાન આપવા કહ્યું હતું.

આ પ્રસંગે મંડળના પ્રમુખ ધીરજ ભાઈ શાહ, ટ્રસ્ટી ચંદ્રસિંહજી વાઘેલા, કે.સી.શાહ, હરગોવનભાઈ ત્રિવેદી, સારાલાલ શાહ, પાલીકા પ્રમુખ વિઠોદર ઠાકોર, અમરતજી કાંકરેચા, કન્યા વિદ્યાલય, ઈ.આચાર્ય, કેસુભાઈ જોષી, યશપાલસિંહ વાઘેલા પ્રા.ડો. હરેશભાઈ દવે, પાલિકા પ્રમુખ વિઠોદરજી ઠાકોર, અમરતજી કાંકરેચા, કન્યા વિદ્યાલય ઈ.આચાર્ય કેશુભાઈ જોષી, યશપાલ સિંહ વાઘેલા, પ્રા.ડો.હરેશભાઈ દવે,

અનુસંધાન પાના નં.૬

# વડગામ પંથકમાં વરસાદી માહોલથી વાતાવરણમાં ઠંડક પ્રસરી



પુષ્કર ગોસ્વામી

છેલ્લા બે દિવસથી વડગામ પંથકમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જો કે વાવણીલાયક વરસાદ નહીં વરસતા ખેડુતોમાં ચિંતા પ્રસરી છે.

# થરાદના રામપુરામાંથી યુવતીનું બદઈરાદે અપહરણ થતાં ચકચાર

પ્રતિ. થરાદ

મુળ વાવ તાલુકાના સપ્રેડા ગામના અને હાલમાં થરાદ તાલુકાના રામપુરા ગામમાં ધરમાભાઇ રૂપાભાઇ પટેલના ખેતરમાં ભાગીયા તરીકે વાવેતર કરીને રહેતા ઘેગાભાઇ પીરાભાઇ પ્રજાપતિએ થરાદ પોલીસ મથકમાં લેખિત રજુઆત કરી હતી.જેમાં જણાવ્યું હતુંકે તેની બહેનનાં લગ્ન વાવ તાલુકાના ટડાવ ગામમાં સમાજના રિતરિવાજ મુજબ કરવામાં આવ્યાં હતાં.પરંતુ મનમેળ નહી હોવાના કારણે સામાજીક રીતે છુટાછેડા પણ લીધેલ હતા. દરમ્યાન ગત ૨ જુલાઇના રાત્રીના સુમારે તેમની બહેન અચાનક તેમના ખેતરના રહેઠાણેથી ગુમ થઇ જવા પામી હતી.જેની આજુબાજુ વ્યાપક શોધખોળ કરવા છતાં પણ કોઇ ભાળ મળી ન હતી.આથી વાવના હરીપુરા ગામનો કરશનભાઇ માંનાભાઇ પ્રજાપતિ અને ટડાવ ગામનો કરમણાભાઇ નારણભાઇ પ્રજાપતિ તેણીને દુષ્કર્મ કરવાના ઈરાદે ભગાડી ગયાની આશંકા પણ વ્યક્ત કરી હતી.તેમજ કોલ ડીટેઇલ કઢાવી તપાસ કરવાની માંગણી કરી હતી.આ બનાવથી ચકચાર મચવા પામી હતી.

# થરાદ નગરપાલિકા દ્વારા નહેરની સફાઇ કરી મોટરો ઉંડી મુકવાની કામગીરી હાથ ધરાઇ



વિષ્ણુ દવે

પ્રતિ. થરાદ

નર્મદાની મુખ્ય સાંકળ ૩૫૭ કિમી પર સ્ટ્રક્ચર બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.જેના માટે નર્મદા મુખ્ય નહેરમાં વહેવડાવવામાં આવતા પાણીના ડાયવર્જનના કામ માટે મુખ્ય નહેરમાં દસ દિવસ પાણી આપવાનું બંધ કરવામાં આવ્યું હતું.જોકે દસ દિવસનો સમય પુર્ણ થવા છતાં પણ નહેરમાં પાણી નહી વહેવાના કારણે સ્ટોક કરીને રાખવામાં આવેલ પાણીપુરવઠો ઘટવાના કારણે નહેરમાં પાણીનું પ્રમાણ સાવ ઓછું થઈ જવા પામ્યું છે.બીજી બાજુ પાણીપુરવઠા બોર્ડ અને નગરપાલિકા દ્વારા નર્મદા નહેરમાં મોટરો ગોઠવીને પાણી લઈને નગર તથા ગ્રામિણ વિસ્તારોમાં આપવામાં આવેછે.

પરંતુ નહેરમાં પાણીનું લેવલ ઘટીને બે ફુટ જેટલું થવાના કારણે નગરપાલિકા દ્વારા નહેરમાં મુકવામાં આવેલી મોટરો ખુલ્લી થવા પામી છે.આથી તેમાં માટી અને કચરો ભરાવવાની અને મોટર વારંવાર બળી જવાની સમસ્યા પણ ઉભી થવા પામીછે.

આથી ગુરૂવારે નગરપાલિકા ના કર્મચારીઓ દ્વારા નહેરમાંથી માટી કાઢીને મોટરો ઉંડી ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ અંગે નગરપાલિકાના કર્મચારી ઓ એ જણાવ્યું હતું કે મોનોબ્લોક મોટરો હોવાના કારણે કચરો આવતાં તરત કારણે બળી જાય છે.જોકે નગર તથા ગ્રામિણ વિસ્તારોમાં નહેરમાંથી પીવા માટે પાણી અપાતું હોઇ સરહદી પંથકમાં પાણીની અછત સર્જાવાથીની દહેશત પણ ભર ચોમાસે ઉઠવા આપી છે.આથી નર્મદા વિભાગ દ્વારા નહેરમાં સત્વરે પાણી છોડવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# ઉતારચઢાવની વચ્ચે સેંસેક્સ અંતે ૭૧ પોઈન્ટ ઘટીને બંધ

મુંબઇ

શેરબજારમાં આજે મંદીનું મોજુ રહ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૭૧ પોઈન્ટ ઘટીને ૩૫૫૭૫ની નીચી સપાટીએ રહ્યો હતો. ઈન્ફોસીસ અને ટાટા સ્ટીલના શેરમાં તીવ્ર ઘટાડો રહ્યો હતો. ચીન ઉપર અમેરિકી ટેરિફ લાગૂ કરવાની સમય મર્યાદા દેખાઈ રહ્યા છે. તેની અસર પણ જોવા મળી શકે છે. બીએસઈ સેંસેક્સ આજે ૭૧ પોઈન્ટ ઘટીને ૩૫૫૭૫ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૦ પોઈન્ટ ઘટીને ૧૦૮૫૦ની સપાટીએ રહ્યો હતો.

# ડીસાની ચી.હં.દોશી શાળામાં નિવૃત શિક્ષિકા દ્વારા સ્ટીલની બેઠકની ભેટ



ડીસા

શ્રી ચી.હં.દોશી પ્રા.શાળા ડીસા ખાતે સુધાબેન મણીલાલ પટેલનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે પોતાના પરિવારની યાદ વર્ષો સુધી રહે તેવા આશયથી શાળા પરિવારને સ્ટાફ રૂમમાં બેસવા માટેની સ્ટીલની ત્રણ બેઠકોનું (પાટલી) ઓનું શાળા પરિવારને આપી તથા બાળકો તેમજ પરિવારને તિથિભોજન આપી આનંદની લાગણી વ્યક્ત કરી હતી. શાળા બાળ પ્રવેશોત્સવ પ્રસંગે ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડ્યા, મહેશભાઈ દવે, અશોકભાઈ પટેલ, કેતનભાઈ, સંજયભાઈ બ્રહ્મભટ્ટ તથા શાળાના આચાર્ય પ્રવિણભાઈ સાધુ દ્વારા શાલ ઓઢાડી પુષ્પગુચ્છ- પુસ્તક આપી સન્માન કરેલ.

# ભીલડી જૈન દેરાસર સામે પીપળીનું વૃક્ષ ધરાસાયી



કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ભીલડીયાજી જૈન દેરાસર પાસે સોયલા રોડ પર વરસોથી ઉભેલ પીંપળીનું વૃક્ષ અચાનક પડી જતાં લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. પીપળીના ઝાડ નીચે ઈક્કો ગાડી (નં.જી.જે. ૩૧.એ.૩૪૪૮) ઉભી હતી. પરંતુ સદનસીબે કોઈ જાન હાની થયેલ નથી. જોકે ટ્રાફીક પણ જામ થઈ ગયો હતો. હાઈવે ઓથોરીટી દ્વારા તાત્કાલીક જે.સી.બી. દ્વારા ઝાડને ખસેડી રસ્તા પરનું ટ્રાફીક દુર કરવામાં આવ્યું હતું.

# થરાદમાં વરસાદી ઝાપટુ



વિષ્ણુ દવે

થરાદમાં ગુરુવારની સવારના સુમારે વરસાદનું એક ઝાપટું પડ્યું હતું.જેના કારણે જમીન ભીંજતાં પાણીના વ્હોળા પણ રેલાયા હતા.સાથે સાથે છેલ્લા દિવસોથી પડીરહેલી ગરમી વચ્ચે વાતાવરણમાં શિતળતા પ્રસરવા પામી હતી.જોકે ત્યાર બાદ ફરી પાછો ઉકળાટ અને બફારાનો માહોલ સર્જાતાં અબાલવૃધ્ધ પરેશાન થઇ ઉઠ્યાં હતા.

# રાજ્યમાં એમએડની ૫૫૦ સીટો પૈકી ૪૧૧ બેઠકો ખાલી રહી

માસ્ટર્સ ઓફ એજ્યુકેશન (એમએડ) માટે પ્રવેશના પ્રથમ રાઉન્ડ બાદ ૧૩૯ વિદ્યાર્થીઓના પ્રવેશને સમર્થન મળ્યું છે. આ આંકડાને સમર્થન મળ્યા બાદ ૪૧૧ સીટો ખાલી રહી ગઈ હોવાના અહેવાલ મળ્યા છે. ગુજરાતમાં ૧૧ એમએડ કોલેજોમાં ૫૫૦ સીટો રહેલી છે. અધિકારીઓએ કહ્યું છે કે, જે વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી ચુક્યા છે તે ૧૩૯ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓએ સરકારી કોલેજોમાં પ્રવેશ મેળવ્યો છે જ્યાં ફી ૨૦૦૦ રૂપિયાથી પણ ઓછી છે. અધિકારીઓએ કહ્યું છે કે, ખાલી રહેલી તમામ સીટો સેલ ફાઈનાન્સ કેટેગરીમાં રહી છે. અધિકારીઓએ કહ્યું છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં તમામ સીટો ભરાઈ ગઈ છે. ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન માં સીટો ફરાઈ ચુકી છે જ્યારે સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં માત્ર પાંચથી છ વિદ્યાર્થીઓ રહ્યા છે.

# મૉનસૂનની શરૂઆત થવાથી ગરમીમાં રાહત, પરંતુ ડૉક્ટર કરી રહ્યા છે, પાણીજન્ય બીમારીઓથી સાવચેત

મૉનસૂન સીઝન એક એવો સમય હોય છે જ્યારે આપણે વરસાદના પાણી અને મંદ-મંદ ઠંડી હવાઓની મજા લઈએ છીએ. વરસાદમાં ટપકતી બૂંદો અને રમણીય મૌસમમાં ગરમ ચા ની પ્યાલી અને મોં માં પાણી લાવી દેતો સ્વાદિષ્ટ નાસ્તો અને બૈકગ્રાઉન્ડમાં મ્યૂઝિક ચાલી રહ્યું હોય તો વાત જ શું છે. પરંતુ આ બધાની સાથે, ભારે વરસાદ ન માત્ર શહેર પરંતુ ગામ અને ટાઉન્સમાં પણ જળ ભરાવો, પૂર અને પછી ચેપ ફેલાવાની સમસ્યા લઈને આવે છે. આ ઋતુમાં સૌથી વધુ ફેલાતી બીમારીઓમાં સામેલ છે મચ્છરથી થતી બીમારીઓ. ડેંગ્યૂ, ચિકનગુનિયા, મલેરિયા જેવી બીમારીઓ મૉનસૂન સીઝનમાં વધી જાય છે, કેમકે આ સમયમાં વાતાવરણમાં ઠંડક આવી જાય છે અને ઠેરઠેર જળનો ભરાવો થવાથી મચ્છરોના પ્રજનન માટે અનુકૂળ વાતાવરણ મળી જાય છે. એવામાં સમગ્ર શહેરમાં મચ્છરોના પ્રજનન માટે અનુકૂળ જગ્યાઓની શોધ કરીને તેને સમય પર ટ્રીટ કરવી જરૂરી છે. જેથી બીમારીઓના સંભવિત ફેલાવાને નિયંત્રિત કરી શકાય. આ વર્ષે અમદાવાદમાં મૉનસૂન મોડેથી આવ્યું છે, પરંતુ જુલાઇના શરૂઆતના દિવસોમાં ગુજરાતમાં સારો વરસાદ થયો છે, અહીં સરેરાશ ૨૧.૨૯ મિમી વરસાદ નોંધાયો છે. ગુજરાતના અનેક ભાગોમાં આ અઠવાડિયે સારો વરસાદ થવાની સંભાવના છે. મૉનસૂનના આગમન સાથે જે રીતે ઋતુમાં બદલાવ આવ્યો છે, શહેરના ડૉક્ટરો પાસે ચેપ અને પાણીજન્ય બીમારીઓના દર્દીની સંખ્યા વધી ગઇ છે. વરસાદની ઋતુમાં શહેરમાં ન માત્ર મચ્છર જન્ય બીમારીઓનો ખતરો વધી જાય છે, પરંતુ ચેપના કેસ પણ ઝડપથી વધે છે. એલર્જી ઉપરાંત આ ઋતુમાં ફેલાતી સૌથી સામાન્ય બીમારીઓમાં ડાયરિયા, ટાયફૉઇડ, વાયરલ ફીવર અને કૉલેર વગેરે સામેલ છે. આ ઉપરાંત અનેક અન્ય ચેપ પણ આ ઋતુમાં ફેલાતા હોય છે. વાયરલ ફીવરના કેસ ઝડપથી વધી રહ્યા છે, આના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. પેટમાં ચેપ અને કમળાના પણ કેસ નોંધાયા છે. શહેરના અથવા આસપાસના વિસ્તારોમાંથી ડાયરિયા, ટાયફોઇડ અને કોલેરાના કેસો વધુ આવી રહ્યા છે. બચાવ ઈલાજ કરતા શ્રેષ્ઠ વિકલ્પ હોય છે, એવામાં ડૉક્ટર બચાવના કેટલાક ઉપાયોને ગંભીરતનાથી અપનાવવાની સલાહ આપી રહ્યા છે જેથી વરસાદની ઋતુમાં સ્વાસ્થ્ય સંબંધિત ખતરાઓથી બચી શકાય.

- હાલત ખરાબ થવા સુધી રાહ ન જુઓ, કોઇપણ પ્રકારની શારીરિક અસહજતા અનુભવવા પર તરત જ ડૉક્ટરને બતાવો. યાદ રાખો, જલ્દી તપાસથી ઈલાજની સંભાવનાઓ વધી જાય છે.
- મૉનસૂન સીઝનમાં બહારની ચીજો ખાવાથી બચો, ખાસકરીને ફાસ્ટ ફૂડ અને ફ્રોઝન ફૂડ. ફ્રોઝન ફૂડમાં ફૂગ જલ્દી લાગવનો ડર રહે છે, જેનાથી ડાયરિયા અથવા પેટમાં ચેપ થઇ શકે છે.
- મૉનસૂનમાં સ્વચ્છતાની સાથે સમજૂતી ન કરો. બહારથી ઘરે આવીને સાબુ અથવા પાણીમાં કોઇ ડિસઇનેફેક્ટેંટ મળાવીને ન્હાઇ લેવું.
- શરીરને ભીનું રાખો, વધુ પડતું લિક્વિડ પદાર્થ લો, કેમકે આનાથી શરીરમાં ભરપૂર ભીનાશ રહે છે અને પાણીનું સંતુલન શ્રેષ્ઠ હોવાથી શરીર મૉનસૂન સીઝનના તમામ વાયરસ વગેરેથી સરળતાથી સામનો કરી શકે છે.
- રેન બૂટ પહેરો, આનાથી તમારા પગ ગંદા પાણીના સંપર્કમાં નહી આવે અને આનામાં ફૂગ ચેપનો ખતરો નહી રહે.
- ઘરથી બહાર નીકળતી વખતે મૉસ્ક્વીટો રેપેલેંટનો વપરાશ કરો અને ઘરની અંદર મચ્છરદાનીનો ઉપયોગ કરો, આનાથી ડેંગ્યૂ, મલેરિયાથી બચાવમાં મદદ મળશે.
- આસપાસના મચ્છર પ્રજનનવાળી જગ્યાઓ ટ્રીટ કરાવો.
- પોતાના હાથ હંમેશા હૈંડ સૈનિટાઇઝર રાખો અને કંઇપણ ખાતા પહેલા આનો ઉપયોગ કરો.
- બહાર જતી વખતે પોતાની સાથે ઉકાળેલા પાણીની ભરેલી બોટલ લઇ જાઓ. બહારનું પાણી પીવાથી બચો.
- રસ્તા કિનારે ચાલતી લારીઓમાંથી કંઇ ના ખાશો.

ડૉ. વસીમ અહમદ કહે છે કે, મૉનસૂનની સીઝનમાં ફેલાતી બીમારીઓથી બચાવનો એક શ્રેષ્ઠ ઉપાય છે, અને તે છે બચાવના ઉપાયોને ગંભીરતાથી લેવા. કોઇપણ રીતની સમસ્યાના લક્ષણ સામે આવતા જ કોઇ યોગ્ય ડૉક્ટરથી સંપર્ક કરો અને તમારો ઈલાજ કરાવો, ન કે પોતાની મરજીથી દવા લો.

# તંત્રી સ્થાનેથી ...

**ઉત્સાહ વિના ક્યારે ઉચ્ચ લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી.**

## કાશ્મીર અંગે વારંવાર દુષ્પ્રચાર કરવાનું પાકિસ્તાન બંધ કરે!

જ્યારે ત્યારે વિદેશની ધરતી પર કાશ્મીરનો મુદ્દો ચર્ચામાં આવે છે ત્યારે પાકિસ્તાન તો જુના ગાણા ગાઈને ભારતને બદનામ કરવાના પ્રયાસો કરે છે. આ બાબતે સરકાર દ્વારા કડક નીતિ હાથ ધરાવી જોઈએ.

વર્તમાન સંજોગોમાં ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં સ્પષ્ટ પણે કહ્યું છે કે પાકિસ્તાન આતંકવાદનો ગઢ છે અને કાશ્મીર અંગે વારંવાર દુષ્પ્રચાર કરવાના એના કપટી પ્રયાસો હંમેશા નિષ્ફળ રહ્યા છે.

પાકિસ્તાન કાશ્મીર મુદ્દો શા માટે ચર્ચા સ્થાને લેતું હશે? જો કે ભારતે કરેલી ટીપ્પણીથી પાક.નેતાઓ લાલઘુમ બની ચુક્યા છે. પાકિસ્તાનના પ્રતિનિધિ કહે છે કે માનવાધિકારના ઉલ્લંઘનના તથ્યોની ઓળખ કરી છે, પરંતુ વારંવાર નિરાધાર આરોપ લગાવવાથી સત્ય સાબિત થઈ શકે નહિં.

કાશ્મીરમાં માનવાધિકારનું ઉલ્લંઘન કોણ કરે છે તે બાબતની વિશ્વના તમામ રાષ્ટ્રો વાકેફ થઈ ચુક્યા છે. કાશ્મીરમાં યુવાનોને હિંસાખોરી આચરવા ક્યાંથી પ્રેરણા મળે છે. તે પણ વિશ્વના દેશો જાણે છે. તેમ છતાં પાકિસ્તાન ગમે તેવી ચાલ રમે તો પણ કાશ્મીરનો કબજો મેળવી શકશે નહિં. અત્યાર સુધીના તેના તમામ ધમપછાડા નિષ્ફળ નિવડ્યા છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનમાં સચિવ સંદિપકુમારે ભારત તરફથી જણાવેલ કે દક્ષિણ એશિયામાં પાકિસ્તાન અસ્થિરતા પેદા કરવાના બર્બતાભર્યા પ્રયાસો કરે છે તેમજ જમ્મુ- કાશ્મીર મામલે પાકિસ્તાન ગમે તેવા દુષ્પ્રચાર કરશે તો પણ તે સફળ થશે નહિં. સંદિપકુમારે એમ પણ કહ્યું હતું કે ભારત આ સંબંધમાં ભવિષ્યમાં વિવાદ પેદા કરવા ઈચ્છતું નથી.

ભારત કાશ્મીરમાં માનવાધિકારનું ઉલ્લંઘન કરે છે પાકિસ્તાનના આ નિવેદન બાદ ભારતે કડક ભાષામાં વિરોધ વ્યક્ત કર્યો છે. વર્તમાન સંજોગોમાં જમ્મુ- કાશ્મીરનો જે હિસ્સો પાકિસ્તાને પોતાના કબજા હેઠળ લીધો છે. તે ગેરકાયદેસર છે અને તે પ્રદેશ પાકિસ્તાને ગમે ત્યારે મુક્ત કરવો પડશે નહિં તો ભારતીય જવાનો ફરીથી સર્જીકલ સ્ટ્રાઈક કરશે તે પણ ચોક્કસ છે. કેમ કે પાક. કબજા હેઠળના કાશ્મીરમાં ત્રાસવાદી કેમ્પો ચાલે છે. હથિયારો બનાવવાની પ્રવૃત્તિ જોરશોરથી ચલાવાય છે. કાશ્મીરના માસુમ યુવક યુવતીઓને જબરજસ્તીથી ત્યાં લઈ જઈ ત્રાસવાદી બનવાની તાલીમ આપવામાં આવી રહી છે, આ તમામ બાબત ભારત સહિત વિશ્વના રાષ્ટ્રો જાણે છે, તેમ છતાં શાંતિ મંત્રણથી તમામ મુદ્દાઓનો ઉકેલ ભારત ઈચ્છે છે અને કાશ્મીરના યુવાનોને તમામ પ્રકારે મદદરૂપ થવા ભારતીય સરકારે વચનબધ્ધતા દોહરાવી છે. હાલમાં કાશ્મીરનો તમામ હવાલો રાજ્યપાલ હસ્તક છે અને રાજ્યપાલની કડક નીતિથી પાકિસ્તાન વાકેફ થઈ ચુક્યું છે. કાશ્મીરના જે તે પહાડી વિસ્તારોમાં ત્રાસવાદી કેમ્પો ચાલે છે એન સરહદના જે માર્ગેથી કાશ્મીરમાં ઘુસણખોરી કરવામાં આવી રહી છે. તે બાબતે રાજ્યપાલને જાણકારી છે જે અને હવે નવેસરથી ત્રાસવાદીઓને મારી હટાવવાના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે.

જો પાકિસ્તાને સુધરવું હોય તો પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી કેમ્પોના નાશ કરવો જોઈએ. માથાભારે જે ત્રાસવાદીઓ છે તે તમામને જેલહવાલે કરવા જોઈએ. ખાસ કરીને પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ પર કડક નજર રાખવાની જરૂર છે, કેમ કે ત્રાસવાદી સંગઠનોને તમામ પ્રકારની મદદ આઈએસઆઈ દ્વારા થઈ રહી છે. આમાં કેટલાંક મુસ્લિમ રાષ્ટ્રો પણ દોષિત હોવાનું માનવામાં આવે છે.

## ઘરની અમુક જગ્યા ખાલી રાખો

પોતાનું ઘર અને પોતાના સ્વપ્નપૂર્તિનાં પર્યાયો હવે સંપૂર્ણપણે બદલાઈ ચૂકયા છે. એક સાદા સીધા ઘર સાથે જિંદગી થંભી ગઈ હોય તેમ લાગે છે.ઘરની ખાલી જગ્યા આપણાં હાથમાં આવે કે તેમાં આમ-તેમ ફેરફારો ને ઉપયોગની આક્રમકતાનો અમલ કરવા તરત જ તોડફોડ, બદલાવને રચના. આપણાંથી આર્કિટેક ને ઈન્ટિરીયર ડિઝાઈનર સુધી કાર્યરત થઈ જાય છે. બધાથી જુદું, કાંઈક વિશેષ અને અસામાન્ય સુંદર હોય એવી દેખીતી અણદેખીતી ઈચ્છા પણ સાથે કાર્યરત જ હોય છે. ઘરની ચાર દીવાલો ને ફર્શ હાથમાં આવે કે તેને પોતાની રીતે બદલાવવા, ઉપયોગી બનાવવા અને તુરત જ તેને સ્વર્ગસમી બનાવવા દરેક જગ્યાની પોતાની આગવી એક મૂળભૂતતા - લાક્ષણિકતા અને સહજતા હોય છે તેને રહેવા દઈને ફેરફારો જરૂરી બને છે. ઘરની નવી જગ્યામાં બે વસ્તુ સૌથી મહત્વની હોય છે- (૧) થયેલાં ફેરફાર, બદલાવ અને અનેક તોડફોડ સાથે તેને આપણાં પ્રમાણે બનાવવાની કોશિશ (૨) સજાવવાને માટે જે પણ લેવાની મૂકવાની ઈચ્છા થાય છે તેમાં હંમેશા લાંબાગાળાનો અને વાસ્તવિક વિચાર.સમય સાથે તમારી જરૂરિયાત અને કુટુંબ વિસ્તરતાં જ રહેવા. તેની સાથે દરેકની જરૂરિયાતો પણ. આજ અને આવતીકાલમાં ઘણો ફરક રહેવાનો. કેટલીક જગ્યાઓનો ઉપયોગ કરી લેવાને બદલે તેને ખૂલ્લી જ રહેવા દીધી હોય તો તે પછી કામ આવી શકે છે, કોઈપણ સમયે બદલાવ લાવવો હોય કે કાંઈક વિશેષ કરવું હોય તો સરળતા રહે છે. કલર, ફલોરીંગ, સજાવટ, માધ્યમો આ દરેક એક જગ્યા ને ઓળખ અને તમારી વ્યક્તિગત પસંદગીની ઓળખ આપે છે.

**આત્મચિંતન**

## વિચારોની શક્તિશાળી દુનિયા

વિચારોમાં સ્વયંમાં એક મહાન શક્તિ છે. "જેવું વિચારશો, તેવા બનશો." વિચારો કે તમે શક્તિહીન છો, તો તમે શક્તિહીન બની જશો. પોતાને મૂર્ખ સમજો, ખરેખર તમે મૂર્ખ બની જશો. ધ્યાન કરો કે તમે સ્વયં પરમાત્મા છો, વાસ્તવમાં આપ પરમાત્માનું રૂપ કરી લેશો. પ્રતિપક્ષ-ભાવનાઓનો અભ્યાસ કરો."ક્રોધની હાલતમાં પ્રેમની ભાવના કરો." નિરાશામાં મનને આનંદ અને ઉત્સાહથી ભરો."વાસ્તવમાં દુનિયા એક ભાવન અથવા એક વિચાર જ છે. મનનું સંકલ્પવગરનું થવાથી દુનિયા હવા બની જાય છે. અને મન અવર્ણનીય આંનદમાં ડુબકીઓ લગાવે છે. મનમાં જે વિચાર કર્યો કે દુનિયા તરત જ તેની આંખોમાં ઝૂલવા લાગે છે અને તેનાથી પીડાના સામ્રાજ્યની શરૂઆત થાય છે."કુવિચાર કેવી રીતે દૂર કરી શકાય ?" તેને કેવી રીતે ભૂલી શકાય ? તેમાં ફરીથી ના ડૂબીને પુનરાવૃત્તિથી કેવી રીતે રોકી શકાય ?" વધારે આનંદદાયક બીજી વાતનું ધ્યાન કરો. દુ:ખની ઉપેક્ષા કરો ભૂલી જાઓ."વધારે આનંદદાયક વિષયનું ચિંતન કરો." આ મહા સાધના છે.

"ઉન્નત વિચારોનું ધ્યાન કરો." આત્મામાં ઉન્મુખ બનીને આંતરિક ધ્યાન કરો, વિચાર કરો, તર્ક કરો. "સાંસારિક વિચાર, ઘૃણા,દ્વેષ, બદલાની ભાવના, ક્રોધ, કામ વગેરે ભાવનાઓ તાત્કાલિક નાશ પામશે. **ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## એસડીએ બોકોની, મિલન, ઈટલીમાં થયું આઈઆઈએમ સિરમૌરના ઈન્ટરનેશનલ પ્રોગ્રામનું સમાપન

કાર્યક્રમનું આયોજન ૧૧ જૂન થી ૨૯ જૂન ૨૦૧૮ વચ્ચે એસડીએ બોકોની સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, મ્લન, ઈટલીમાં કરવામાં આવ્યું. આ આઈઆઈએમ સિરમૌર દ્વારા એસડીએ બોકોનીના સહયોગથી આયોજિત કરવામાં આવ્યું. પોતાની રીતે એનોખો કાર્યક્રમ છે જેને ઈન-ક્લાસ સેશન્સ, કેસ એનાલિસિસ, સિમુલેશન, કંપની વિઝિટ તથા ઘણી અન્ય ગતિવિધિયોના માધ્યમથી શ્રેષ્ઠ અનુભવ આપશે.સમાપન સમારોહની અધ્યક્ષતા પ્રોફસર (ડો.) નીલૂ રોહમેત્રા, ડાયરેક્ટર, આઈઆઈએમ સિરમૌર, પ્રોફેસર જિઓવાની તોમાસી, ડાયરેક્ટર, કોર્પોરેટ કસ્ટમ પ્રોગ્રામ અને પ્રોફેસર ઓલ્ગા અનુષ્કિના, એસડીએ બોકોની સ્કૂલ ઓફ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવી. અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યાં.

કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય કારોબાર તથા વિશ્વસ્તરીય અર્થવ્યવસ્થા તથા સંચાલન, આપૂર્તિ શ્રેણી તથા પરિયોજના પ્રબંધનથી જોડાયેલ દરેક પાસાએને કવર કરવામાં આવ્યા. આઈઆઈએમ સિરમૌરના આ કાર્યક્રમમાં ઘણાં મહત્વપૂર્ણ પાસાઓ સમાવિષ્ટ હતાં જેમ કે યુરોપિયન અર્થવ્યવસ્થા તથા યુરોપી ઓટોમોબાઈલ નિર્માતાઓનું સંચાલન. એસડીએ બોકોનીથી સત્રોને સંબોધિત કરવાર ફેકલ્ટી સદસ્યોમાં સમાવિષ્ટ હતાં પ્રોફેસર ઓલ્ગા અનુષ્કિના, પ્રો. એન્દ્રિયા દોસી, પ્રોફેસર ફ્રેમસેસકો ગોલમેન, પ્રોફેસર વિટિલિયાનો ફિઓરિલો અને પ્રોફસર સિલ્વિયા જમ્બોની.એસડીએ બોકોનીમાં વિદ્યાર્થીઓને વિશ્વસ્તરીય ફેકલ્ટી દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે. તેમણે આઈઆઈએમ સિરમૌર તથા બોકોની સ્કૂલ ઓફ મેનેજમેન્ટના અસોસિએશન પર વાત કરતાં જણાવ્યું કે કેવી રીતે બંને સંસ્થાઓ વચ્ચે ભાગીદારી વિદ્યાર્થીઓ માટે કારગર સાબિત થઈ છે. એસડીએ બોકોની સ્કૂલ ઓફ મેનેજમેન્ટ વિશ્વ રેકિંગની દ્રષ્ટિથી શીર્ષ પાયદાનની યુરોપિય સ્કૂલોમાંથી એક છે તથા કસ્ટમ પ્રોગ્રમ રેકિંગમાં દુનિયાના સાતમાં સ્થાન પર છે.

**બચ્ચે ફન્કી, ટોટલ નૌટંકી!**

## હોસ્ટ શાંતનું મહેશ્વરી આજે શોના પ્રમોશન માટે અમદાવાદમાં



અમદાવાદ

પ્રથમ બે સિઝનમાં ભારતની સૌથી નાની વયના નાટ્યાત્મક સ્વભાવ અને પ્રતિભાઓની ક્ષમતાની ઉજવણી કરતો, બાળકો માટેનો ઝી ટીવીનો અભિનય પ્રતિભાનો શો- ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ તેની ત્રીજી સિઝનની સાથે આવી ગયો છે. કાર્તિકેય રાજ, કાર્તિકેય માલવિયા, તમન્ના દિપક, પ્રણિત શર્મા- જેવી સાચી પ્રતિભા માટે તકનું વિશ્વ ખોલી આપ્યું છે- અને દરેકે હવે, પર્ફોમિંગ કલાકારો તરીકે પોતાનું નામ બનાવી દીધું છે, ત્યારે શોની નવી સિઝન આવી યોગ્ય બાળ પ્રતિભાઓની અભિનયની આવડતને પોલિશ કરીને તક આપશે અને તેમને આવતીકાલના સુપરસ્ટાર બનવાની તક આપશે. દેશની બાળપ્રતિભાઓને તેમની યોગ્ય ક્ષમતા ઓળખી અને તેમના અભિનયના જુસ્સાને તરાશીને મનોરંજન જગતમાં કંઈક અલગ ભવિષ્ય તૈયાર કરવા માટે, ઈન્ડિયાસ બેસ્ટ ડ્રામેબાઝએ ખરેખર ઝી ટીવીની મુખ્ય ફિલોસોફી આજ લિખેંગે કલને રજૂ કરે છે. અમદાવાદના અભિનયના તાવને લાવવા માટે, શોના ખૂબસુરત હોસ્ટ શાંતનું મહેશ્વરી શહેરની આજે મુલાકાત લેશે અને શો વિશે ચર્ચા કરશે. ઈન્ડિયાસ બેસ્ટ ડ્રામેબાઝ પ્રસારિત થશે, દર શનિવાર અને રવિવારે રાત્રે ૯ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!એસ્સલ વિઝન પ્રોડક્શન લિ. દ્વારા પ્રોડ્યુસ. આ સંપૂર્ણ પારિવારિક મનોરંજકમાં સમગ્ર દેશમાંથી આવેલા નાના બાળકો ભાગ લેશે અને દર્શકોને તેમની વિનોદવૃતિ, આકર્ષક સ્ટેજ હાજરી, તોફાન- મસ્તી અને આ બધાથી વધુ તેમની અદ્ભુત અભિનયની આવડતથી દર્શકોને જકડી રાખશે. આ વખતે, ફક્ત સ્પર્ધકો જ દર્શકોને વંટોળમાં લઈ જશે એવું નથી, પરંતુ મેન્ટોર્સની અદ્ભુત પેનલ અને પ્રતિભાશાળી હોસ્ટ્સ પણ કિંક અલગ મનોરંજન પૂરું પાડશે.

## જીવનના સર્વાધિક મહત્વપૂર્ણ પાઠ અવારનવાર તમારા બાળપણમાં શીખવા મળે છે – માધુરી દિક્ષિત



કલર્સના ડાન્સ રિઆલિટી શો ડાન્સ દીવાનેએ સફળતાપૂર્વક પુરવાર કરી દીધેલ છે કે જો વ્યક્તિ સાચે જ કશાંક માટે ઝનૂની હોય, તો વયનો કોઈ બાધ નડતો નથી. અઠવાડિયે દર અઠવાડિયે, વિભિન્ન પેઢીઓમાંથી આવતી પ્રતિભા દ્વારા અદ્ભુત પરફોર્મન્સિસ વડે શોએ દર્શકોને અવાક કરી દીધેલ છે. આ વીકએન્ડના એપિસોડમાં, 'બચપન સ્પેશ્યલ' થીમ વડે મનોરંજનનો પારો વધુ ઉપર ગયેલ છે. આ માઈન્ડ બ્લોઈંગ પરફોર્મન્સિસના સાક્ષી બનવા ડાન્સ દીવાને જોવાનું ચૂકશો નહીં દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે ફક્ત કલર્સ પર! "મારા બાળપણના દિવસો મારા માટે અત્યંત ખાસ છે. લાગણીઓએ કબ્જો જમાવ્યો અને ઝંખનાએ આપણાં જજિસ અને પ્રતિસ્પર્ધીઓના બાળપણના ઘણાં સંસ્મરણો તાજા કરાવી ગઈ જે તેઓએ અનાવરિત કર્યાં. પ્રતિસ્પર્ધીઓએ એવા પ્રોપનો ઉપયોગ કરીને પરફોર્મ કરવાનું હતું કે જે તેમના બાળપણના ખાસ સંસ્મરણોને પાછા લઈ આવે. દરેકને એક પરફોર્મન્સ વિસ્મિત કરી ગયું તે હતું ઘજી પેઢીના 'દીનાનાથ જી' દ્વારા 'ઈલાહી' પર એરિયલ એકટ પરફોર્મ કરવામાં આવ્યું હતું જેમણે પ્રોપ તરીકે સાયકલનો ઉપયોગ કર્યો હતો. માધુરીને એમનું પરફોર્મન્સ સાચે જ સ્પર્શી ગયું કેમ કે તેણી પોતે પોતાના બાળપણના સંસ્મરણ સાથે આને જોડી શકતી હતી.

## બ્રિટિશ કાઉંસિલ દ્વારા યૂકેમાં ભણવા માટે પ્રસ્થાન કરતા વિદ્યાર્થીઓને વીઝા, પ્રવાસ અને રહેવા વિશેની મહત્વની જાણકારી પ્રદાન કરવા માટે અમાદાવાદમાં પ્રી-ડિપાર્ચર બ્રીફિંગનું આયોજન

બ્રિટિશ કાઉંસિલએ આ વર્ષે આગળ અભ્યાસ માટે યૂકે જનારા વિદ્યાર્થીને પ્રી-ડિપાર્ચર બ્રીફિંગ (માહીતી આપતું સંબોધન) કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રિત કર્યા છે. આ સત્રમાં વિદ્યાર્થીયોની અપેક્ષા વિશે એક સંક્ષિપ્ત વિવિરણ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને યૂકેમાં વિદ્યાર્થીજીવન માટે તૈયારી કરતા સમયે તેમને શું કરવું અને ન કરવું તે વિશે મહત્વપૂર્ણ સલાહ આપવામાં આવશે.આ બ્રીફિગ દરમ્યાન વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે યૂકેની સંસ્થામાં રજીસ્ટ્રેશન કરાવ્યું હોય અને ઓફર ઓફ એડમિશન મળ્યો છે તેવા સાથી વિદ્યાર્થીઓ અને પૂર્વ વિદ્યાર્થીઓ સાથે સંપર્ક કરવાની તક મળશે. રજીસ્ટ્રેશન: વિદ્યાર્થીઓ અને સાથે આવનાર વાલીએ બ્રિટિશ કાઉંસિલ અમદાવાદની ઓફિસમાંથી સવાર ૧૦ કલાક થી સાંજના ૬ કલાક દરમ્યાન ટિકિટ ખરિદી જરૂરી, ટિકિટ કેન્દ્ર પરથી જ મળશે, ઓનલાઈન ઉપલબ્ધ નથી. શુલ્ક:પ્રતિ વ્યકિત રૂ.૩૦૦ ની રજીસ્ટ્રેશન ફી લેવામાં આવશે રજીસ્ટ્રેશન માટે લિંક: https:// www. eventsforce. net/ britishcouncil/ 1543/ home આ બ્રિફિંગ જે વિદ્યાર્થીઓને યુકેની કોઈપણ શૈક્ષણિક સંસ્થામાં સપ્ટેમ્બર ૨૦૧૮ થી તેમનો કોર્સ શરૂ કરવા માટે ઓફર ઓફ એડમિશન (જે યુનિવર્સિટી ઓફર લેટર તરીકે પણ ઓળખાય છે) પ્રાપ્ત થયો તેમના માટે આયોજીત કરવામાં આવેલ છે. આ બ્રીફિંગમાં વિદ્યાર્થીઓ વિઝા એપ્લીકેશન અને સંબધિત પ્રક્રિયાઓ વિશે એક સત્ર હશે, જે યૂકે વિઝા એન્ડ ઈમિગ્રેશન(યૂકેવીઆઈ) ના અધિકારીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. ટ્રાન્સપોર્ટેશન (પરિવહન) અને રહેવા વિશેની જાણકારી સાથે વિદ્યાર્થીઓ યૂકેમાં કેવી રીતે સર્વશ્રેષ્ઠ અને વ્યવસ્થિત બની શકે તેના પર પણ એક સત્ર હશે.

## એચસીજી અમદાવાદ ખાતે ડૉકટરોએ રોબોટીક ટેકનોલોજીનો જાત અનુભવ મેળવ્યો



અમદાવાદ

કેન્સર ક્ષેત્રે સ્પેશ્યાલીસ્ટ તરીકે જાણીતી એચસીજીએ તબીબી સમુદાય માટે એક નવતર પ્રકારનો અનુભવ પુરો પાઠયો હતો. આ સમારંભ એચસીજી અમદાવાદ ખાતે યોજાયો હતો. જેનો ઉદેશ ડૉક્ટરોને રોબોટીક્સ ટેકનોલોજીની બારીકીઓ બહેતર રીતે સમજાવવાનો હતો.

એચસીજીની ટીમ દ્વારા તેમના સેન્ટરમાં સેવીંગ રોબોટને મુલાકાત લઈ દા.વીન્સી સર્જીકલ સીસ્ટમની સરળતાનો અનુભવ કરવા માટે નિષ્ણાંતોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સીસ્ટમ ડયુઅલ કોન્સોબલ ડીબીલીટી કે જે મીનીમલી ઈનવેઝીવ સર્જરીમાં ટ્રેનીંગ અને સહયોગના હેતુને સહકાર આપે છે અને સુપીરીયર કલીનીક ક્ષમતા માટે હાઈ ડેફીનેશન થ્રીડી વિઝન પુરૂં પાડે છે.

આ ટેકનોલોજીથી સાઉન્ડ સર્જીકલ સીસ્ટમ અતી અત્યાધુનીક મેગ્નીફીકેશન ધરાવતું ૩ ડી એચડી વિઝયુઆલાઈઝેશન અને ઓપરેટીવ ફિલ્ડ માટે ઈમર્સીવ વ્યુ તથા માનવ હાથ કરતાં વધુ વિવીધ દિશાઓમાં કામ કરી શકે છે. તે નેચરલ આઈ અને હેન્ડ ઈન્સ્ટ્રુમેન્ટના એલાઈનમેન્ટ દ્વારા પુરૂં પાડે છે.

## મનુષ્ય અવતાર શા માટે?

મનુષ્ય અવતારમાં જ મહાન સંતો, મહંતો, શુરા, દાનવીરો અને ભક્તો પેદા થઈ ગયા છે અને થશે જે સમાજનું એક સદ્ભાગ્ય છે

સર્વપ્રથમ જીવાત્મા સ્વરૂપે મનુષ્ય જન્મ પામે છે. ત્યારબાદ તે આત્મીય સંબંધોથી જોડાય છે.તમામ અવતારોમાં જીવાત્મા મુખ્ય હોય છે. મનુષ્ય રૂપે અવતરેલ જીવાત્મા શ્રેષ્ઠ અવતાર છે. તે સંબંધોના સહવાસમાં જીવન ઘડતર શીખે છે અને જીવનનો વિકાસ કરે છે. આત્મીય પ્રેમના કારણે તે આત્મા કહેવાય છે. તેમાંથી મહાત્મા પણ બની શકે છે. છેવટે પરમાત્મા સુધી પહોંચી શકે છે. સમયાંતરે જીવનમાં વળાંક આવે છે. દરેક મા-બાપ પોતાના સંતાનોને સદમાર્ગે વાળે છે. આધ્યાત્મિક રંગમાં રંગાયેલ આત્મા સૌના માટે દિશાસૂચક, પથદર્શક અને રાહબર બને છે. આજે જગત પણ સદમાર્ગ, સુવિચાર, સદાચાર અને આધ્યાત્મિક સુખ-શાંતિ આપનારને ચાહે છે, નમે છે, પરમ પદ પામનાર માનવીમાંથી માનવ અને મહામાનવ બને છે.

આત્મામાંથી મહાત્મા અને છેવટે પરમાત્મા સ્વરૂપે પૂજાય છે. જગત અને સંતની રહેણીકરણી, વિચારધારા ખૂબ જુદી હોય છે. છતાં પણ કળિયુગમાં આધ્યાત્મિકતા, નૈતિકતા, માનવતા અને નમ્રતા ધરાવનાર જનસમુદાય છે. સાથે-સાથે બીજો સમુદાય પણ છે. જેમની વિચારધારા, રહેણીકરણી તદ્દન જુદી છે. સંતો, સજ્જનો, જ્ઞાની, ગુરૂજનો, ધર્મધૂરંધરો અને ધર્માધિકારીઓથી જગતમાં સારા નરસાનું સમતોલન જળવાઈ રહ્યું છે.

માનવીને સામાજિક પ્રાણી કહેવાય છે કારણ કે તેના માટે સફળ સમાજ વ્યવસ્થા, પરંપરાગત ચાલી આવતી રૂઢિ, રિતરિવાજ, કર્તવ્ય, ફરજ અને હક્કનું પાલન મુખ્યત્વે હોય છે. અમુક કાર્યો અને રિવાજો બાપદાદાની અસંખ્ય પેઢીઓથી ચાલ્યા કરતાં હોય છે. તેને નિભાવવા અને સંપૂર્ણ કરવાની એક અલગ આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસ છે. જો એ પ્રમાણે નહિ કરવામાં આવે તો આપણા પૂર્વજો આપણને આપણા સુખમાં હેરાન કરશે. પિતૃતદોષ લાગશે એવી બીક હોય છે. માનવી વિવિધ સંબંધોની સાંકળમાં બંધાયેલો છે. તેને અનુરૂપ પ્રસંગો ઉજવવા પ ડે છે. જેવા કે રક્ષાબંધન, ભાઈબીજ, દિવાળી, હોળી. આવા સામાજિક તહેવારો સંસ્કૃતિ અને માણસાઈને ઉજાગર કરે છે. સમાજનો વિસ્તાર થાય, વૃદ્ધિ થાય તે માટે દરેક માતા-પિતા, સંતાનોને યોગ્ય સ્થાને લગ્ન કરાવી આપે છે અને સમાજમાં લાયક બનાવે છે. પોતાની ફરજ પૂરી કરે છે. ત્યારબાદ લગ્ન પછીના પ્રસંગોને રંગેચંગે સુવ્યવસ્થિત ઉજવવા, પૂર્ણ કરવા માનવી ફરજ થઈ પડે છે. આ પ્રમાણે ચાલી આવતી પ્રથાને નિભાવવા માત્ર માનવી જ સક્ષમ છે, જવાબદાર અને બંધનકર્તા છે. મનુષ્ય અવતારમાં જ મહાન સંતો, મહંતો, શુરા, દાનવીરો અને ભક્તો પેદા થઈ ગયા છે અને થશે જે સમાજનું એક સદ્ભાગ્ય છે. મનુષ્ય અવતારનું આગવુ લક્ષણ છે. નરસિંહ મહેતા, મીરાબાઈ, વીરભાથી ખત્રી, રામદેવપીર, ગાંધીજી, સરદાર, સ્વામિ વિવેકાનંદ, સંતપૂનિત મહારાજ જેવા અનેક સંતો, ભક્તો, વીરપુરૂષો મનુષ્ય અવતારની દેન છે. વીરાંગના ઝાંસીની રાણી લ-મીબાઈ, માતા જીજાબાઈ તથા અનેક વિરાંગનાઓએ આગવા ઈતિહાસનું સર્જન કર્યું છે. આ તમામ મનુષ્ય અવતારને જ આભારી છે એટલે સર્વ અવતારોમાં મનુષ્ય અવતાર શ્રેષ્ઠ, અમૂલ્ય અને ઉત્તમ છે. ચોર્યાસી લાખ અવતારમાં મનુષ્ય અવતાર સર્વશ્રેષ્ઠ છે.

## અમેરિકન પૂર્વ પ્રમુખ : અબ્રાહમ લિંકન

લ્યુસી હેકન્સ નામની એક સ્ત્રી હતી તે સ્વર્ગની અપ્સરા જેવી લાગતી હોવાથી પુરૂષો તેનાથી સંમોહિત થઈને તેની પાછળ પડવા લાગ્યા. પરીણામે તે સમાજમાં કલંકિત થઈ ગઈ તે પવિત્ર હતી છતાં લોકો તેને અપવિત્ર સમજતા ત્યારે તેને કહ્યુ હતુ કે મારા સંતાનો મને કલંક મુક્ત કરશે તેના લગ્ન પછી તેને આઠ સંતાનો થયા સમય જતાં તેના બે પુત્રો પાદરી થયા.લ્યુસીની એનોરસ પુત્રીનો પુત્ર અમેરિકાનો પ્રમુખ બન્યો અને તે જ અબ્રાહમ લિંકન

લિંકનનો જન્મ ઈ.સ.૧૮૦૮ માં થયો હતો. માતા નેન્સી અને પિતા થોમસ લિંકન ૧ વર્ષનો હતો ત્યારે જ તેની માતા નેન્સી મૃત્યુ પામી હતી. જંગલમાંથી ફળ લઈ આવવા શિક્ષકે તે પ્રાંતમાં, શાળા ખોલી લિંકન છ કિ.મી. ચાલીને શાળાએ જતો. તે પુસ્તક ખરીદી શકે તેવી પરિસ્થિતિ ન હતી. તે સમયમાં કાગળ બહુ મોઘા મળતા હોવાથી તે લાકડાના પાટિયા ઉપર લખતો અને તે લખાણથી ભરાઈ જાય ત્યારે તેને લુસીને તેના પર ફરીથી લખતો અદાલતોના સત્ર ચાલુ થયા ત્યારે તે ચુકાદા સાંભળવા જતો રવિવારે તે ચર્ચના પાદરિનુ પ્રવચન સાંભળવા જતો અને તે કામે જતો ત્યારે ઝાડ પર ચઢીને પાદરીના પ્રવચનનુ અનુકરણ કરતો ત્યારે તેને ખબર ન હતી કે તેનામા વકીલ થવાની ક્ષમતા છે. પ્રાંતમા રોગચાળો ફેલાવવાને કારણે લિંકન પરિવાર સ્થાળાંતર કરી બીજા પ્રાંતમાં વસવાટ કરવા લાગ્યો.

લિંકને કાયદાનો અભ્યાસ શરૂ કર્યો અને વકીલાત શરૂ કરી વકીલાતમાં તે કોઈની પાસે વધારે ફી લેતો નહી તેની સ્થિતિ ખુબ દયનીય હોવાથી તેને રાજકારણમાં ઝંપ લાવ્યું પોતાના પ્રાંતમાં ઈ.સ.૧૮૩૬, ૧૮૩૮, અને ૧૮૪૪ માં ચૂંટાઈ આવ્યો આતો નાની જીત હતી. રાષ્ટ્રપતિ સુધીનો સફર સહેલો ન હતો ઘણી વિટંબણા તેના માર્ગમાં રાહ જોતી બેઠી હતી.

મેરી ટાંક નામની એક સ્ત્રી હતી. તે ધનવાન ઘરમાં જન્મી હોવાથી તેને અભિમાન હતુ કે તે પરણશે તો અમેરિકાના પ્રમુખ સાથે જ પરણશે. લિંકન રાષ્ટ્રપ્રમુખનો ઉમેદવાર હતો. મેરી ટાંક ડગ્લાસ સાથે પરણવા ઈચ્છતિ હતી. પરંતુ ડગ્લાસ સાથે મતભેદ થતા તે લિંકન તરફ આકર્ષવા લાગી પરંતુ મેરી અભિમાની હોવાને કારણે લિંકનને તે પસંદ ન હતી. પરંતુ સામાજિક કારણોસર મેરી સાથે તેને લગ્ન કરવા પડ્યા સમય જતા લિંકને પણ કબુલ કરેલુ કે આ લગ્ન તેના પર ઠોકી દેવામાં આવ્યા છે. આ દરમિયાન તે રાષ્ટ્રપ્રમુખનો ઉમેદવાર હોવાથી કોઈ કારણસર લોકો તેને ઉમેદવાર કહેવા લાગ્યા ત્યારે લિંકને કહ્યુ કે "હું ઈલિનાઈ પ્રાંતમાં એક મિત્રહીન, વિહાંણા છોકરા તરીકે આવ્યો હતો. આ વહાણ બનાવવાનુ કામ કરતો હરણના ચામડાનું પેન્ટ હતુ જે ભીનુ થવાને કારણે સંકોચાતુ ગયું. તેથી પાણીના લીલા કોર આજ સુધી તમે મારા પગ પર જોઈ શકશો. છતાં તમે મને ઉમરાવ કહેતા હોય તો હું તમારા આક્ષેપોને સ્વીકારવા તૈયાર છું. લોકો એ ચીચયારી કરી મુકી લિંકન અમેરિકામાં છવાઈ ગયા. તેના લોકમતમાં પણ વધારો થયો. પરંતુ અંતે તે હાર્યો.

લિંકન પાછો વકીલાત તરફ વળ્યો. વકીલાતમા તે કોઈકવાર પૈસા પણ ન લેતો અને જો પૈસા લે તો નક્કી કરેલ રકમ કરતા અડધી જ રકમ લેતો ઘરની આવક વર્ષે ૩૦,૦૦૦/- ડોલર હતી. મેરી ટોકને લિંકન "ગોલાયા ઠરવાજ અવતર્યો હોય તેવુ લાગતું હતું. તેના મનમાં સોનેરી વિચાર આવ્યો. અને તે પાછો રાજકારણમાં આવ્યો. તેને ખબર હતી કે રાષ્ટ્રપતિ બનવુ ઘણુ દુર્ગમ છે. અને રાષ્ટ્રપ્રમુખ બનવુ "લોઢાના ચણા ચાવવાને બરાબર છે." હતા તે રાજકારણમાં આવ્યો ઘણી વખત હાર્યો અનેક મુશ્કેલીઓ મળી પરંતુ "કોશીષ કરને વાલો કી કભી હાર નહી હોતી" અંતે લિંકનની જીત થઈ. લિંકન વ્હાઈટ હાઉસમાં પહોંચ્યો.

લિંકને રાષ્ટ્રપ્રમુખના પદે આવ્યાને માંડ ૨૪ કલાક થયા હતા અને મોટી સમસ્યા સામે આવીને ઉભી થઈ ગઈ અડધુ અમેરિકા ગુલામ અને અડધુ સ્વતંત્ર હોવાને કારણે "આંતવિગ" શરૂ થયો લિંકન પાસે સેના હતી પણ સેનાપતિ ન હતો. ઘણા લોકોને લિંકન સાથે વેર હોવાને કારણે યુધ્ધ દરમિયાન લિંકનને ત્રણ સેનાપતિ બદલવા પડ્યા. લિંકને ઘણી મહેનત કરી અને અંતે માંડ - માંડ આંતરવિગ્રહ બંધ થયો કેટલાક રાજકારણીઓએ લિંકનને કહ્યુ કે "તુ રાજવહિવટ ચલાવવાને બિલકુલ નાલાયક છે" એક વકીલે તેની મજાક ઉડાડતા કહ્યુ કે" "ગોરીલા જોવા આફ્રિકા જવાની જરૂર નથી. વ્હાઈટ હાઉસમાં તે લાંબા પગ કરી બેઠો છે." છતા લિંકન ઉશ્કેરાતા નહી.

લિંકન અને તેના પત્નિને એક શો માં આમંત્રણ મળ્યુ હોવાથી તે ત્યાં ગયા પરંતુ લિંકનને ત્યાં ઠાર કરવાની પૂર્વ તૈયારી થઈ હતી. શો દરમિયાન બુથ નામના માણસે લિંકનને પાછળથી માથામા ગોળી મારી ગોળી પાછળથી આંખ પાસે આવી ગઈ. કાચાપોચા તો ત્યાંજ ઠાર થઈ જાય પરંતુ લિંકન ૧૯ કલાક સુધી જીવિત રહ્યા

લિંકન ઈ.સ.૧૮૬૫ માં મૃત્યુ પામ્યા . લિંકને જીવનમાં સુખ જોયુ જ નથી.

**આકાશ એચ.વઢેર મુ.ઝીલવાણા**

## કથાસાગર- સત્યની ઓળખ

એક ગામમાં એક વ્યક્તિ રહેતો હતો. તેની પત્ની મરી ચૂકી હતી અને તેનો એક જ દીકરો હતો. એક દિવસ જ્યારે તે વેપાર માટે બહારગામ ગયો હતો ત્યારે ત્યાં ડાકુઓએ હુમલો કરી દીધો. ડાકુઓએ ત્યાં અનેક લોકોની હત્યા કરી નાખી અને અનેક લોકોના મકાનોને આગ ચાંપી દીધી. પરત ફરતી વખતે ડાકુ એ વ્યક્તિના પુત્રને પણ પોતાની સાથે લઇ ગયા. જ્યારે એ વ્યક્તિ ગામમાં પરત ફર્યો ત્યારે ત્યાં તબાહીની સ્થિતિ જોઇ તેના હોશ ઉડી ગયા. તે રડી રડીને આખા ગામમાં પોતાના એકમાત્ર સંતાનને શોધવા લાગ્યો.

ઘરમાં રાખ થયેલા મકાનો અને લાશો વચ્ચે તેને એક બાળકની બળી ગયેલી લાશ મળી. તેની કદ-કાઠી તેને પોતાના બાળક જેવી લાગી. આ જોઇ તે છાતીફાટ રૂદન કરવા લાગ્યો. તેણે માની લીધું કે તેનો દીકરો મરી ગયો છે. બાદમાં તેણે એ બાળકના અંતિમ સંસ્કાર કરી નાખ્યા. અનેક મહિના થઇ ગયા પરંતુ તે વ્યક્તિ પોતાના દીકરાની વિદાયના શોકમાં ગળાડૂબ જ રહેતો હતો. એક દિવસ એ વ્યક્તિના પુત્ર ડાકુઓના ચુંગલમાંથી ફરાર થઇ ગયો. તે જેમ તેમ કરીને પોતાના ગામ સુધી આવ્યો અને સીધો પોતાના ઘર તરફ જવા લાગ્યો. તે વખતે ત્યાં રાત પડી ચૂકી હતી.

જ્યારે તેને ઘરનું બારણુ ખખડાવ્યું ત્યારે દીકરાના શોકમાં ડૂબેલા પિતાએ અંદરથી જ પૂછ્યું કે કોણ છે? દીકરાએ જવાબ આપ્યો હું તમારો દીકરો. દુ:ખી પિતાને લાગ્યું કે કોઇ તોફાની છોકરો તેની મજાક કરી રહ્યો છે. આ કારણે તેને મોટેથી કહ્યું, મારો કોઇ દીકરો નથી. તુ અહીંથી જતો રહે. એમ કહી તે રડવા લાગ્યો. બાળક થોડી વાર ઉભા રહ્યો અને ત્યાંથી જતો રહ્યો. ત્યારબાદ પિતા અને પુત્ર જીવનમાં ક્યારેય ન મળ્યા.

કથાનો સાર એ છે કે જીવનમાં ક્યારેય-ક્યારેક લોકો કોઇ ખોટી વાતને સાચી માની તેની સાથે જોડાઇ જાય છે અને તેના પરિણામસ્વરૂપ એવું પણ બનતું હોય છે કે સત્ય સામે પ્રગટ રહે છે અને ખોટા તાદાત્મ્યને કારણે તેની ઓળખ થઇ શકતી નથી અને તે દ્વારેથી પરત ફરે છે.સત્ય પ્રતિ લગાવ થવાની સાથે એ પણ જરૂરી છે કે આપણે આપણા દ્વારા સાચા માની લેવામાં આવેલા તથ્યોના પરીક્ષણ પ્રતિ પણ સજાગ રહે. આમ ન થતાં સત્ય અંધવિશ્વાસ બની જાય છે જે અત્યંત દુ:ખદાયક હોય છે.

# સિને-સરિતા

## રણવીર સિંહ અને સારાની જોડી તમામને પંસદ પડશે



રણવીર સિંહ અને સારા અલી ખાનની જોડીને ચાહકો પસંદ કરશે તેવો દાવો રોહિત શેટ્ટીની આગામી ફિલ્મ સિમ્બા સાથે જોડાયેલા લોકો કરી રહ્યા છે. આ હોટ જોડી પ્રથમ વખત એક સાથે આવી રહી છે. સેફ અલીની પુત્રી સારા ખાનને વધુ એક મોટી ફિલ્મ હાથ લાગી ગઈ છે. રણવીરને પ્રથમ વખત એક શાનદાર એક્શન ફિલ્મ સિમ્બા હાથ લાગી છે. આ ફિલ્મનુ શુટિંગ જોરદાર રીતે ચાલી રહ્યુ છે. ફિલ્મને ૨૮મી ડિસેમ્બરના દિવસે રજૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. રોહિત શેટ્ટીની એક્શનથી ભરપુર ફિલ્મ મળતા રણવીર ભારે ખુશ છે. ફિલ્મ સિમ્બાને લઈને તૈયારીમાં રણવીર સિંહ પહેલાથી જ લાગી ગયો છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર



## યામી ગૌતમ રિતિક રોશન સાથે ફરી કામ કરવા તૈયાર



**ઓન ધ સ્ક્રીન**

રિતિક રોશન અભિનિતિ ફિલ્મ કાબિલમાં અંધ યુવતિની શાનદાર ભૂમિકા અદા કરીને ચારેય બાજુ ભારે પ્રશંસા મેળવનાર યામી ગૌતમ હવે શાહિદ કપુરની સાથે બત્તી ગુલ મીટર ચાલુ નામની ફિલ્મમાં કામ કરી રહી છે. તેની પાસે અન્ય કેટલાક પ્રોજેક્ટો પણ રહેલા છે. તે બોલિવુડની સાથે સાથે અન્ય ભાષાની ફિલ્મોમાં કરવાને લઈને કોઈ ખચકાટ અનુભવ કરતી નથી. તેનુ કહેવુ છે કે તે બોલિવુડમાં સારી અને મોટી ભૂમિકા ધરાવતી ફિલ્મો કરવા માટે ઈચ્છુક છે. યામી ગૌતમે પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત વિકી ડોનર ફિલ્મ મારફતે કરી હતી.પરંતુ ત્યારબાદ તેને અપેક્ષિત સફળતા મળી ન હતી. તેની કાબિલ ફિલ્મની ચારેબાજુ પ્રશંસા થઈ હતી. આ ફિલ્મમાં તે સુપરસ્ટાર અભિનેતા પૈકી એક એવા રિતિક રોશન સાથે નજરે પડી હતી. ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. યામી ગૌતમ પોતાની મોટા ભાગની ફિલ્મોમાં ખુબસુરત સ્વીટ ગર્લ તરીકે રજૂ થઈ છે. યામી કહે છે કે તે કોઈ બાંધછોડ કરીને રોલ કરવા માટે તૈયાર નથી. તેનુ કહેવુ છે કે સરકાર-૩ ફિલ્મમાં ગ્રે રોલમાં કામ કરી ચુકી છે. તેનુ કહેવુ છે કે તે એવા રોલ કરવા માટે ઈચ્છુક છે જે એક કલાકારને કરવા માટે પડકાર ફેંકે છે. તેનુ કહેવુ છે કે આધુનિક સમયમાં વર્સેટાઈલ હોવાની બાબત ખુબ જરૂરી છે. કારણ કે દરેક વ્યક્તિ એક એક પ્રકારના રોલ જોઈને બોર થઈ જાય છે. યામી ગૌતમનુ કહેવુ છે કે તે બોલિવુડમાં મોટા સ્ટાર સાથે કામ કરવાને લઈને આશાવાદી છે. રિતિક રોશન સાથે કામ કર્યા બાદ નવી આશા જાગી છે. તે સારી ભૂમિકાવાળી ફિલ્મોને લઈને વ્યસ્ત છે. રિતિક રોશન જેવા મોટા સ્ટાર સાથે વધુ ફિલ્મોમાં કામ કરવા માટે પણ તે આશાવાદી છે. તેનુ કહેવુ છે કે સારા રોલ મેળવી લેવા માટે તે સતત પ્રયાસ કરી રહી છે. મહેનત પણ કરી રહી છે.

## આંતરરાષ્ટ્રીય સ્તરની મોડલ અભિનેત્રી કૈટરીના કૈફ

**ફિલ્મી સિતારા**-કમલેશ કંસારા



લંડનમાં ૧૬ જુલાઈ ૧૯૮૪ માં જન્મેલ કૈટરીના કૈફ સફળતાનો પર્યાય બની ગઈ છે. થોડાક જ સમયમાં કૈટરીના કૈફ ખુદને પ્રથમ હરોળની અભિનેત્રીમાં સ્થાન બનાવી લીધું છે. મોડલીંગ ઈન્ડસ્ટ્રીઝમાં પોતાની ખુબસુરતી અને ગ્લેમર પર સફળતા મેળવનાર લંડનની આ ખુબસુરત કન્યાએ જ્યારે હિંદી ફિલ્મોમાં પગ મુકયો તો એની સફળતાને લઈને અને પ્રશ્નો ઉભા થયા. વાસ્તવમાં તે હિંદી શબ્દોનો સાચો ઉચ્ચાર કરી શકતી નહોતી. જેના કારણે હિંદી ફિલ્મોમાં એના ભવિષ્યને અંગે ચિંતાનો વિષય બની હતી પરંતુ કૈટરીનાએ પોતાની સુંદરતાના આકર્ષણથી દરેક આશંકાઓને ખોટી સાબીત કરી દીધી. પ્રેક્ષકોએ તેની એકટીંગ કરતા તેની સુંદરતાને અપનાવી છે. આલોચકોના મોં બંધ કરવાને માટે કૈટરીના હિંદી શીખવા પર ધ્યાન આપી રહી છે.

કૈટરીનાનું પાલન પોષણ મિશ્રીત સંસ્કૃતિમાં થયું છે. એમના પિતા મુખમાં કાશ્મીરના છે પરંતુ એમણે બ્રીટીશ નાગરિકત્વ સ્વીકારને લંડનમાં સ્થાઈ થયા હતા. જ્યારે માતા બ્રીટનની રહેવાસી છે.લંડન અને હવાઈ દ્વિપમાં ઉછરેલ કૈટરીના આંતરરાષ્ટ્રીય સ્તર પર મોડલ પણ રહી ચુકી છે. જ્યારે કૈટરીનાને ભારતમાં મોડલીંગ કરવાની ઓફર આવવા લાગી ત્યારે તેણે ભારત આવવાનો ફેંસલો કરી લીધો અને અહીં આવ્યા બાદ તે ભારતની રહેવાસી બની ગઈ. હિંદી ફિલ્મોમાં પોતાનું સ્થાન જમાવવાને માટે એણે સલમાનખાન સાથે મધુર સંબંધો જોડી લીધા. કૈટરીનાની પ્રથમ ફિલ્મ 'બુમ' હતી જે બોકસ ઓફિસ પર નિષ્ફળ નિવડી હતી ત્યાર બાદ આવી 'સરકાર' આ ફિલ્મમાં કૈટરીનાએ અભિષેક બચ્ચનની પ્રેમીકાની એક નાની ભૂમિકા ભજવી. જેના કારણે બોલીવુડના મોટા મોટા નિર્માતા, નિર્દેશકોનું ધ્યાન તેની તરફ ગયું પરંતુ કૈટરીનાને ફિલ્મ જગતમાં એક ઓળખ મળી. ફિલ્મ 'મૈને પ્યાર કયોં કીયા ?' માંથી આ ફિલ્મમાં કૈટરીનાને સલમાન ખાનનો પુરેપુરો સાથ મળ્યો. સલમાન-કૈટરીનાની જોડીને પ્રેક્ષકોએ અપનાવી. આ ફિલ્મની સાથે જ કૈટરીનાની સફળતાનો દોર શરૂ થયો. 'હમ કો દિવાના કર ગયે સનમ, નમસ્તે લંડન, અપને, પાર્ટનર, વેલકમ, રેસ અને અજબ પ્રેમ કી ગજબ કહાની' જેવી સફળ ફિલ્મોનો ભાગ બનેલ કૈટરીના હિંદી ફિલ્મોની હોટ પ્રોપર્ટી બની ગઈ.

ખેલાડી અક્ષયકુમારની સાથે કૈટરીનાની જોડી બોલીવુડના સ્ક્રીન પર સફળ જોડીઓમાંની એક જોડી માનવામાં આવે છે. બંનેની જોડી એક સાથે ત્રણ ત્રણ ફિલ્મોમાં ચમકી હતી. જે બોકસ ઓફિસ પર સફળ નીવડી હતી.

જોકે પ્રેક્ષકો સલમાનખાન સાથે કૈટરીનાને મોટા પડદા પર જોવાને માટે આતુર રહેતા હોય છે પરંતુ 'મૈને પ્યાર કયોં કીયા', બાદ બંનેએ 'પાર્ટનર' ફિલ્મમાં એક સાથે અભિનય કર્યો હતો પરંતુ હવે કૈટરીનાની જોડી ગોવિંદાની સાથે જોવા મળે છે. સલમાન અને કૈટરીનાની હસીન જોડી મુકતા આર્ટસની યુવરાજમાં ફરીથી દેખાઈ. કૈટરીના ધીરે ધીરે હિંદી ફિલ્મોની દુનિયામાં પોતાનું સ્થાન જમાવી રહી છે. 'રેસ' માં કૈટરીનાના ભાગે એક જટીલ ભૂમિકા આવી. જે એણે ખુબ જ સહજતાથી નિભાવી.. હાલમાં રીલિઝ થયેલ ફિલ્મ 'દે દના દન' માં પણ કૈટરીનાએ અક્ષયકુમારની સાથે કામ કરીને પ્રેક્ષકોની વાહ વાહ મેળવી હતી. કૈટરીના ભલે સુંદર અને ગ્લેમરની છબી ધરાવતી હોય પણ ફિલ્મી સમીક્ષકમો આજે પણ એની અભિનય પ્રતિભા પર શંકાની દ્રષ્ટીએ જુએ છે.

**કમલેશ કંસારા**




**ન્યુઝ સ્ટ્રીપ્સ**

★સંખ્યાબંધ ધારાવાહીકોમાં વેમ્પની ભૂમિકા ભજવીને લોકોના દિલમાં પોતાના પ્રત્યે નફરત પેદા કરાવનાર અભિનેત્રી લીના જુમાનીએ હવે દર્શકોના મનમાં તીવ્ર આક્રોશ પેદા કર્યો છે. વાત જાણે એમ છે કે લીના જુમાનીએ તેની એક વેબ સીરીઝમાં પોતાની સહ કલાકાર પ્રિપલ ગોરને અધર ચુંબન કર્યું છે. સોશ્યલ મીડીયા પર આ દ્રશ્ય ખુબ વાઈરસ થયું અને તેના ચાહકોએ અભિનેત્રી પર પસ્તાળ પાડી પરંતુ લીના કહે છે કે આ વેબ સીરીઝમાં લેસ્બીયન લવસ્ટોરી હોવાથી આમ થવું સહજ છે. મારા અને પ્રીયલના દ્રશ્ય બદલ મારા ઉપર તાતા તીર છોડવામાં આવ્યાં છે. આ જોતાં મને એમ થાય છે કે વાસ્તવમાં જે લોકો લેસ્બીયન અને ગે હશે તેના કેવા હાલ થતાં હશે ? જોકે મારા પરિવારનો મને પુરેપુરો સપોર્ટ છે તેથી નચિંત છું.

★ થોડા દિવસ અગાઉ રીયાલીટી શો બીગ બોસની વિજેતા શિલ્પા શીંદે એક ટવીટ કરીને કહ્યું હતું કે જીવન ઘડી બે ઘડીનું છે તેથી નકારાત્મકને બદલે ખુશી જુઓ. મને હીનાખાન ખરેખર ગમે છે અને હવે બીગ બોસ શો પુરો થઈ ગયો છે ત્યારે લડાઈ જારી રાખવાનો કોઈ અર્થ નથી. કહેવાની જરૂર નથી કે શિલ્પા અને હીના બીગબોસની છેલ્લી સીઝનની સ્પર્ધક હતી અને શોમાં બંને વચ્ચે સતત તણાવ રહ્યો હતો. પરિણામે સોશ્યલ મીડીયા પર તેમના ચાહકોને લઈને આ વાતને લઈ ઝગડતા હતા. બલ્કે હજી સુધી ઝગડે છે. શિલ્પાને લાગે છે કે કયારનો પુરો થઈ ગયો છે. બંને વચ્ચે વ્યક્તિગત રીતે કોઈ ઝગડો નથી. તો હવે તેમના પ્રશંસકોએ પણ આ વાત પૂર્ણવીરામ મુકી દેવું જોઈએ. અભિનેત્રીએ વધુમાં કહ્યું હતું કે આ દુનિયા બહુ નાની છે. શકય છે કે કયારેક આ બંને એકસાથે કામ કરે. તેથી તેમના ચાહકોને તેમને જોઈને ઝગડવાનું બંધ કરી દેવું જોઈએ. તો શું આપણે એમ માની લેવું જોઈએ કે શિલ્પા અને હીના વચ્ચે સમાધાન થઈ ગયું છે.

★ધારાવાહીક પૃથ્વીવલ્લભના મુખ્ય કલાકારો સોનારીકા ભદોરીયા અને આશીષ શર્માનેએક ચુંબન દ્રશ્ય ભજવવાનું હતું પરંતુ બંનેમાંથી એકે કલાકારે પડદા પર આવું દ્રશ્ય આપવા રાજી નહોતા થયા. છેવટે સીરીયલ સર્જકોએ તેમનું માન રાખ્યું હતુ. જોકે સીરીયલમાં ઉત્કષ્ટ પ્રણય દ્રશ્યના ભાગરૂપે ચુંબન કરવાનું હતું તેથી બંને કલાકારોએ ચુંબન કર્યા વિના જ પ્રણય દ્રશ્ય આપ્યું. આશીષે કહ્યું હતું કે જો અત્યંત આવશ્યક હોય તો મનેચુંબન દ્રશ્ય આપવામાં પણ વાંધો નથી પણ જો તેના વિના ચાલે તેમ હોય તો આવું સીન ન ભજવવું જોઈએ. સોનારિકાએ પણ કહ્યું હતુ કે મેં ફિલ્મમાં કીસીંગ સીન આપ્યું હતું પણ હું તેમાં કમ્ફર્ટેબલ નહોતી.

## હવે કૃતિ ખરબંદાની બોબી સાથે ફિલ્મ ટુંકમાં રજૂ થશે



બોલિવુડની આશાસ્પદ સ્ટાર કૃતિ ખરબંદા ફિલ્મોમાં ટકી રહેવા માટે ભારે મહેનત કરી રહીછે. હવે તેની મહેનત રંગ લાવી હોવાના હેવાલ મળ્યા છે. તેની પાસે હાલમાં મોટી ફિલ્મો છે. જેમાં યમલા પગલા દિવાના ફીર સે ફિલ્મનો સમાવેશ થાય છે. દેઓલ ફિલ્મની તારીખ હજુ જાહેર કરવામાં આવી નથી. અભિનેત્રી કૃતિ ખરબંદા દેઓલ પરિવારન ફિલ્મ મળતા ભારે ખુશ છે. યમલા પગલા દિવાના ફિલ્મના નવા ભાગમાં તે નજરે પડનાર છે. બોલિવુડમાં કેટલાક વર્ષોથી સતત સક્રિય છે. તમામ પ્રકારની કુશળતા અને ખુબસુરત હોવા છતાં તેને બોલિવુડમાં કોઈ સફળતા મળી રહી નથી. સાથે સાથે સારા કલાકારો સાથે ફિલ્મ પણ મળી રહી નથી. જેથી તેની કેરિયર અદ્ધરતાલ છે. જો કે તે બોલિવુડમાં ટકી રહેવા માટે બનતા તમામ પ્રયાસ કરી રહી છે. કતિ આલિયા ભટ્ટ અને દીપિકાને ખુબ પસંદ કરે છે. તેનુ કહેવુ છે કે તે દીપિકા સાથે જો તક મળશે તો કામ કરીને ગર્વ અનુભવ કરશે. આલિયા અને દીપિકા ખુબ શાનદાર અભિનેત્રી છે. કૃતિ ગેસ્ટ ઈન લંડન ફિલ્મમાં નજરે પડી હતી.

કોમેડી ફિલ્મ લિવ ઈન રિલેશનશીપ પર આધારિત ફિલ્મ હતી. આ ફિલ્મ વર્ષ ૨૦૧૦માં રજૂ કરવામાં આવેલી અજય દેવગનની ફિલ્મ અતિથી તુમ કબ જાવોગે ફિલ્મની સિક્વલ ફિલ્મ હતી. ફિલ્મમાં કાર્તિક આર્યન અને પરેશ રાવલની ભૂમિકા હતી. કૃતિએ કહ્યુ છે કે તે દીપિકાની ફેન છે. બોલિવુડમાં ચાલી રહેલી ગળા કાપ સ્પર્ધામાં તે પણ નિષ્ફળ સાબિત થઈ રહી છે.

બોલિવુડમાં નવી નવી અભિનેત્રીઓની સતત એન્ટ્રી થઈ રહી છે. કૃતિ માને છે કે આલિયા ભટ્ટ અને દીપિકા સ્ટાર છે અને અભિનેત્રી પણ છે. આલિયા ભટ્ટ અંગે વાત કરતા કૃતિ કહે છે કે તે ફેક અભિનય કરતી નથી. બીજી બાજુ બોબી દેઓલ રેસ ફિલ્મની સફળતા બાદ ફરી એકવાર હાલમાં ખુશ દેખાઈ રહ્યો છે.

**બીહાઈન્ડ ધ સ્ક્રીન**

## ઈલિયાના ડી ક્રુઝ ફરી વખત રવિ તેજાની સાથે નજરે પડશે



**ઓન ધ સ્ક્રીન**

બોલિવુડની લોકપ્રિય સ્ટાર અભિનેત્રી ઈલિયાના ડી ક્રુઝ લાંબા સમય બાદ ફરી એકવાર દક્ષિણ ભારતની ફિલ્મમાં એન્ટ્રી કરી રહી છે. બરફી ફિલ્મ સાથે બોલિવુડમાં પ્રવેશ કર્યા બાદ દક્ષિણ ભારતની ફિલ્મમાં નહીંવત દેખાયા બાદ હવે છ વર્ષના ગાળા બાદ ફરી એકવાર દક્ષિણ ભારતની ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તેલુગુ સુપરસ્ટાર રવિ તેજાની સાથે તે અમર અકબર એન્થની ફિલ્મમાં દેખાશે. ઈલિયાના છેલ્લે ૨૦૧૨માં દક્ષિણ ભારતની ફિલ્મમાં દેખાઈ હતી. ત્યારબાદ તે સતત બોલિવુડ ફિલ્મમાં કામ કરી રહી હતી. સોશિયલ મિડિયા પર આ અંગેની જાહેરાત કરી દેવામાં આવી છે. ઈલિયાના મોટા પ્રોજેક્ટમાં નજરે પડનાર છે. હવે તેની પાસે અન્ય દક્ષિણ ભારતની ફિલ્મો આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. લોકપ્રિય અભિનેત્રી ઈલિયાના ડીક્રુઝ પાસે હાલમાં કોઈ હિન્દી ફિલ્મ હાથમાં નથી. તે છેલ્લે અજય દેવગનની સાથે રેડ ફિલ્મમાં ચમકી હતી. જે બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી. તેના લગ્નને લઈને હાલમાં સતત હેવાલો આવ્યા છે. જો તે તે કોઈ ટિપ્પણી આને લઈને કરી રહી નથી. ઈલિયાના ડી ક્રુઝે પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત રણબીર કપુર સાથે બર્ફી ફિલ્મ મારફતે કરી હતી. આ ફિલ્મમાં તેની ભૂમિકાની પ્રશંસા થઈ હતી. તે કોઈ ચમત્કારથી ઠીક થઈ નથી. હાલમાજ રજૂ થયેલી રેડ અને તેના પહેલા બાદશાહો ફિલ્મમાં તે અજય દેવગનની સાથે નજરે પડી હતી. ફિલ્મમાં અજય સાથે તેની જોડીની પ્રશંસા થઈ હતી. આ ફિલ્મને સરેરાશ સફળતા પણ મળી હતી. ઈલિયાના તે પહેલા અક્ષય કુમારની સાથે

અનુસંધાન પાના નં.૬ ઉપર

## દિશા પાટની દક્ષિણ ભારતની ફિલ્મોમાં કામ કરવા તૈયાર



અભિનેત્રી દિશા પાટની લ્વિર સ્ક્રીન પર સંઘમિત્રાની નવી ભૂમિકા અદા કરનાર છે. દિશાને સાઉથની મેગા બજેટની ફિલ્મ હાથ લાગી ગઈ છે. ફિલ્મ સંઘમિત્રા માટે તેની પસંદગી કરવામાં આવી છે. આ ફિલ્મની સાથે તે દક્ષિણ ભારતની ફિલ્મમાં એન્ટ્રી કરવા જઈ રહી છે. પહેલા આ ફિલ્મ જુલાઈમાં ફલોર પર જનાર હતી પરંતુ હવે ફિલ્મનુ શુટિંગ એક મહિના આગળ વધારી દેવામાં આવ્યુ છે. ફિલ્મમાં દિશા પાટની સંઘમિત્રાની ભૂમિકામાં નજરે પડનાર છે. સુન્દર સીના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મની પટકથા યોદ્ધા રાજકુમારીની છે. તેલુગુમાં બની રહેલી આ ફિલ્મનુ બજેટ ૩૫૦ કરોડ રૂપિયા રાખવામાં આવ્યુ છે. દિશાએ આ ફિલ્મ પહેલા જ સ્વીકારી ચુકી છે. જો કેફિલ્મના નિર્માણને લઈને ચોક્કસ ચર્ચા જોવા મળી હતી. આ ફિલ્મને એસ એસ રાજમૌલીની બાહુબલીની જેમ જ બનાવવામાં આવનાર છે. સંગામિત્રા પણ બે ભાગમાં રજૂ કરવામાં આવનાર છે. આઠમી સદીની આ મહિલા યોદ્ધાની પટકથા તમામ ચાહકોને ગમી જાય તેવી શક્યતા છે. ફિલ્મમાં સાઉથ સુપરસ્ટાર જાયમ રવિ અને આર્યનની પણ ભૂમિકા રહેશે. દિશાને ટાઈગરની બાઘી-૨ ફિલ્મની સફળતા બાદ કેટલીક નવી ફિલ્મો મળી ગઈ છે. જેમાં સલમાન ખાનની સાથેની ફિલ્મ ભારતનો સમાવેશ થાય છે. જેમાં તે પ્રિયંકા ચોપડા પણ કામ કરનાર છે.

**સીને**

સલમાન ખાન જેવા સુપરસ્ટાર સાથે ફિલ્મ મળતા તે ભારે ખુશ દેખાઈ રહી છે. દિશા સોશિયલ મિડિયા પર વારંવાર સેક્સી અને બોલ્ડ ફોટોના કારણે પણ ચર્ચામાં રહી છે. તેના કેટલાક પુરૂષોની સાથે સંબંધના કારણે પણ જાણીતી છે. દિશા પાટની બોલિવુડમાં પોતાની ફિલ્મને લઈને ખુશ છે. દિશા કેટલીક અન્ય ફિલ્મોમાં કામ કરી રહી છે. સલમાન ખાની પોતાની ફિલ્મમાં તેની ભૂમિકા કેવી રહેશે તે અંગે હજુ સુધી દિશા દ્વારા કોઈ વાત કરવામાં આવી નથી. ફિલ્મ મોટા બજેટની ફિલ્મ સાબિત થનાર છે.

## ધુમ-૪ ફિલ્મમાં સલમાન ખાન મુખ્ય રોલમાં દેખાશે



સલમાન ખાન બોલિવુડમાં સૌથી મોટા સ્ટાર તરીકે ઉભરી આવ્યો છે. તેની પાસે તમામ મોટા પ્રોજેક્ટ હાથમાં આવી રહ્યા છે. રેસ-૩ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી લીધા બાદ તે હાલમાં ભારત નામની પોતાની ફિલ્મમાં કામ કરી રહ્યો છે. ત્યારબાદ દબંગ-૩ ફિલ્મમાં પણ કામ કરનાર છે. હવે એવા હેવાલ પણ આવી રહ્યા છે કે સલમાન ખાનને ધુમ-૪ ફિલ્મ હાથ લાગી છે. ધુમ-૪ ફિલ્મમાં તેને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ફિલ્મ ૨૦૧૯માં ફ્લોર પર જનાર છે. ધુમ-૪ ફિલ્મ માટે પ્રથમ પોસ્ટર તૈયાર કરી લેવામાં આવ્યો હોવાના હેવાલ મળ્યા છે. રિપોર્ટ મુજ ફિલ્મમાં સલમાન ખાનના લાંબા વાળ રહેશે. ચહેરા પર એક નિશાન પણ રહેશે. જો કે સલમાન ખાન કોઈ નેગેટિવ રોલ કરનાર નથી. ફિલ્મમાં સલમાન ખાન ધુમ-૨માં રિતિક રોશન અને ધુમ-૩મડું આમિર ખાન જેવી ભૂમિકા અદા કરનાર છે. જો કે હજુ સુધી યશરાજ ફિલ્મ્સ તરફથી ધુમ-૪ ફિલ્મને લઈને કોઈ જાહેરાત કરવામાં આવી નથી. ફિલ્મના શુટિંગને લઈને ફેલાયેલી અફવા વચ્ચે હવેલામાં દાવો કરવામાં આવ્યો છે કે ફિલ્મનુ શુટિંગ વહેલી તકે શરૂ કરવામાં આવનાર છે. ધુમ-૪ ફિલ્મનુ શુટિંગ હવે ટુંક સમયમાં જ શરૂ કરવામાં આવનાર છે. પેપર વર્કની કામગીરી ચાલી રહી છે. તમામ કામગીરી પૂર્ણ કરી લીધા બાદ આદિત્ય દ્વારા આ સંબંધમાં જાહેરાત કરવામાં આવનાર છે. અઢી વર્ષના ગાળા બાદ આ ફિલ્મ તૈયાર કરવામાં આવી રહી છે. આદિત્ય ચોપડા અને સલમાન ખાન વચ્ચે ડીલ થઈ ચુકી છે. ફિલ્મ ૨૦૨૦માં રજૂ કરાશે. ફિલ્મમાં સલમાનની સાથે રણવીર સિંહ રહેશે.

## ડાન્સ ફિલ્મમાં વરૂણ તેમજ કેટરીના કેફની જોડી છવાશે



બોલિવુડમાં નવી નવી જોડીને ચમકાવવાના ચાલી રહેલા ક્રેઝ વચ્ચે હવે યુવા પેઢીમાં લોકપ્રિય વરૂણ ધવન અને કેટરીના કેફની જોડીને ચમકાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ફિલ્મ અને સંગીત નિર્માતા ભુષણ કુમારે કહ્યુ છે કે રેમો ડિસુઝા ફિલ્મનુ નિર્દેશન કરનાર છે. ફિલ્મમાં આ બન્નેની જોડી રહેશે. ડિસુઝાના નવી ફિલ્મ તમામ ફિલ્મી ચાહકોને પસંદ પડશે તેવો દાવો પણ ભુષણ કુમારે કર્યો છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

### ભારે વરસાદના...

પાના નં.૧ ચાલુ

૬૪૩ અને હિલ્સામાં ૩૫૦ લોકો હજુ પણ ફસાયેલા છે.હજુ સુધી કેલાશ માનસરોવર યાત્રામાં બે શ્રદ્ધાળુઓના મોત થયા છે. ૧૦૦થી વધારે ગુજરાતી શ્રદ્ધાળુઓને પણ વિમાન દ્વારા સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. કેલાશ માનસરોવર યાત્રા બાદ પરત ફરતી વેળા નેપાળમાં તિબેટ સરહદ નજીક સ્થિત હિલ્સામાં ફસાયેલા ૧૦૦ ગુ-જરાતી શ્રદ્ધાળુઓને પણ બચાવી લેવામાં આવ્યા છે. અટવાઇ પડેલા લોકોને ખસેડી લેવાના પ્રયાસો ચાલી રહ્યા છે. નેપાળમાં ભારતીય દૂતાવાસના અધિકારીઓ શ્રદ્ધાળુઓની સતત મદદ કરી રહ્યા છે. નેપાળગંજથી સીમીકોટ માટે સાત ફ્લાઇટો ઓપરેટ કરવામાં આવી છે. કૈલાશ માનસરોવર યાત્રાના રસ્તામાં ૧૫૦૦થી વધુ શ્રદ્ધાળુઓ અટવાયેલા હતા. હજુ પણ ૫૨૫ શ્રદ્ધાળુઓ સીમીકોટમાં, ૫૫૦ શ્રદ્ધાળુઓ હિલ્સામાં અને તિબેટની નજીક ૫૦૦ શ્રદ્ધાળુઓ અટવાયેલા છે. ભારતીય દૂતાવાસ નેપાળગંજ, સીમીકોટ અને હિલ્સામાં પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છે.

### દક્ષિણ ગુજરાતમાં...

પાના નં.૧ ચાલુ

ઈડરમાં માત્ર બે કલાકમાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબ-કતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. ભારે વરસાદના કારણે જિલ્લાના નદી-નાળા છલકાઇ ગયા હતા. તો, મહીસાગર જિલ્લામાં પણ ભારે વરસાદ નોંધાતા શામળાજી સહિતના પંથકોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. રાજકોટના ગોંડલમાં ત્રણ ઈંચ સુધીનો ભારે વરસાદ નોંધાતા સર્વત્ર પાણી જ પાણી ભરાઇ ગયા હતા. સૌરાષ્ટ્રમાં રાજકોટ, ધોરાજી, ગોંડલ, ગોમટા, લીલાખા સહિતના પંથકોમાં એકથી ત્રણ ઈંચ સુધીનો ભારે વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠા જિલ્લામાં ઈડરમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો, જયાં માત્ર બે કલાકમાં જ ચાર ઈંચથી વધુ ભારે વરસાદ ખાબકતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી.

### મિશન ૨૦૧૯...

પાના નં.૧ ચાલુ

રાજ્યોમાં ગઠબંધન બનાવી દેવાની તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. જે રાજ્યોમાં વિપક્ષી પાર્ટીઓ ભાજપની સામે ચૂંટણી પૂર્વે ગઠબંધનની તૈયારી હાથ ધરવામાં આવી છે તેમાં ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, જારખંડ, તમિળનાડુ, અને જમ્મુ કાશ્મીરનો સમાવેશ થાય છે. આ સાત રાજ્યોમાં મળીને ૨૫૨ લોકસભા સીટ છે. વર્ષ ૨૦૧૪માં ભાજપે આ સીટો પૈકી ૧૫૦થી વધારે સીટ પર જીત મેળવી હતી. સાથે સાથે એક ડઝન જેટલી સીટ પર તેના સાથી પક્ષોની જીત થઇ હતી. આ સાત રાજ્યોમાં ભાજપની લહેર ઉપરાંત બિન ભાજપ પક્ષો વચ્ચે અંતરના કારણે પણ તેમની હાલત કફોડી બની હતી. જેના લીધે ભાજપની શાનદાર જીત થઇ હતી. તમિળનાડુમાં ભાજપને માત્ર એક સીટ મળી હતી.

### જીઓ ફોન-૨ લોંચ...

પાના નં.૧ ચાલુ

વોટ્સએપ, ફેસબુક અને યુટ્યુબની મજા લઇ શકશે. આકાશ અને ઈશા અંબાણીએ વોઈસ કમાન્ડ મારફતે ડેમો કરીને નવા એપ કઈ રીતે કામ કરે છે તે અંગે માહિતી આપી હતી.જીઓ-૨ ફોનની કિંમતને લઇને ઉત્સુકતા પ્રવર્તી રહી છે. જીઓ-૨નું વેચાણ ૧૫મી ઓગસ્ટથી શરૂ થશે. મુકેશ અંબાણીએ જાહેરાત કરી છે કે, લોંચ ઓફર હેઠળ જીઓ ફોન-૨ને ૨૯૯૯ રૂપિયામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. નવા જીઓ ફોન-૨માં હોરિઝોન્ટલ સ્ક્રીન વ્યૂઈંગ એક્સપ્રિયરન્સ મળશે. તે ફુલ ક્વોર્ટી કિપેઇડની સાથે આવે છે. નવા ફોન જીઓ-૨ ડ્યુઅલ સિમમાં સપોર્ટ કરે છે. આ ફોનમાં એક લાઉટ મોનો સ્પીકર મળશે. આમા ૨.૪ ઈંચ ક્યુવીજીએ ડિસ્પ્લે છે. ફોન કાઈ ઓએસ પર ચાલશે. ફોનને પાવર આપવા માટે ૨૦૦૦ એમએએચની બેટરી છે. ફોનમાં ૫૧૨ એમબી રેમ અને ચાર જીબી ઈનબિલ્ટ સ્ટોરેજ છે. સ્ટોરેજને આઈએસડી કાર્ડ મારફતે ૧૨૮ જીબી સુધી વધારી શકાય છે. ફોનમાં બે મેગાપિક્સલમાં રિયલ વીજીએ અને ફ્રન્ટ કેમેરા છે.

### અક્ષમ્ય બેદરકારી...

પાના નં.૧ ચાલુ

મામલો બહાર આવ્યો હતો. જોકે, આ ઘટનાની જાણ થતા જિલ્લા કલેક્ટર સંદીપ સાંગલેએ તપાસના આદેશ આપી બેદરકારી દાખવનારાઓ સામે પગલાં ભરવાની ખાત્રી આપી હતી. બાદમાં સિક્કાઓનો દૂરપયોગ થાય તે પહેલા તાત્કાલિક આ સિક્કા કલેક્ટર કચેરીમાં પરત લાવવામાં આવ્યા હતા.

### થરા આર્ટસ એન્ડ કોમર્સ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

ડો.રામજીભાઈ રોહીત, ડો.એલ. કે.વણકર, ડો.વી. જે.ઠક્કર, ડો.કે.જે.જોષી, એમ.ડી.પટેલ, પ્રા.હરિભાઈ સીંધવ, ઈન્દ્રમણા આચાર્ય, રમેશભાઈ ત્રિવેદી, વિપુલભાઈ પ્રજાપતિ, પ્રા.શ્રીમતિ એન.એલ.ઠક્કર, પ્રો.કે.એલ. રબારી, પ્રા.શ્રીમતિ એમ.વી.શાહ, પ્રા.શ્રીમતી એસ.એમ.પંડ્યા, તથા કોલેજ સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહી વિદ્યાર્થી ભાઈ - બહેનોને શુભ કામના પાઠવેલ.

કાર્યક્રમનું સંચાલન મયંકભાઈ જોષીએ કર્યું હતું.

### રાઈગામ મામલતદારનો...

અનુસંધાન ૩ નુ ચાલુ..

યોજનામાં ના.મામલતદાર તરીકેની ઉમદા સેવા આપ્યા બાદ તેમની બઢતી સાથે બદલી થઈ હતી અને મામલતદારના હોદ્દા ઉપર કાર્યરત થયા હતા. ગતરોજ યોજાયેલા વિદાય સમારોહમાં સ્ટાફમિત્રો અને મ.ભો.સ્ટાફના સંચાલક મિત્રો દ્વારા શ્રીફળ અને સાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે ઉપસ્થિત દરેક અગ્રણી મિત્રોએ શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે વાવ મામલતદાર કે.કે.ઠાકોર, ના.મામલતદાર વસંતભાઈ પટેલ, શૈલેષભાઈ ત્રિવેદી, વિજયદાન ગઢવી, ક્લાર્ક ઈશ્વરભાઈ પટેલ, મ.ભો.યોજનાના પ્રમુખ, કાંનજીભાઈ કે.રાજપુત, ધીરૂભાઈ પંડ્યા, જી.ડી.રાઠોડ તેમજ મ.ભો.યોજનાના સંચાલક મિત્રો અને સ્ટાફમિત્રો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### થરાદ - સાંચોર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ઉ.વ.૩૫ રહે.બાડમેર જી.રાજસ્થાન ને ઈજા થવા પામી હતી.

જ્યારે આ જ માર્ગ પર બુઢણપુર પાસે સવારે ચારેક વાગ્યાના સુમારે એક માટી ભરેલી ટ્રક અગમ્યકારણોસર RJ07 GC 3588 નંબરની એક ટ્રક પલ્ટી ખાઇ જવા પામી હતી.આથી તેના ચાલક મણકારામ વિશ્નોઇ ઉ.વ.૪૦ને ઇજા થવા પામી હતી.આ બંન્ને બનાવ અંગે થરાદ ૧૦૮ને જાણ કરાતાં પાયલોટ અરવિંદસિંહ અને ઇએમટી અમરારામે પ્રાથમિક સારવાર સાથે શહેરની સરકારી હોસ્પીટલમાં ખસેડ્યા હતા.આ બનાવ અંગે સાંજ સુધી પોલીસ દફતરે કોઇ નોંધ નહી હોવાનું પોલીસસુત્રોએ જણાવ્યું હતું.

### ડીસામાં બે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

૧૭ વર્ષીય જાતિન ટાંકના પિતા પણ વર્ષો પહેલા ગુજરી ગયા હતા અને ત્યારબાદ આ બંને બાળકોની માતાએ પણ અન્ય લગ્ન કરી લેતા આ બંને બાળકો તેમના દાદા પુનમાજી માળી પાસે જ રહેતા હતા.. ત્યારે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ડો.રાજુલબેન દેસાઈના ધ્યાને આ પરિવાર આવતા આજે ડો. રાજુલબેન દેસાઈ ડીસા તાલુકામાં આવેલા માલગઢ ગામની આદર્શ હાઈસ્કુલ પહોંચી ગયા હતા અને આ બાળકોના જાતે જ ફોર્મ ભરીને સરકારની યોજનાનો લાભ મળી રહે તે દિશામાં પ્રયાસો આદર્યા હતા.

ગુજરાત સરકારની આ યોજનાનો લાભ આ બંને બાળકોને મળતા તેમના દાદા કે જે તેમનું ભરણપોષણ કરી રહ્યા છે તે પણ ભાવુક થઇ ગયા હતા અને સરકારની આ યોજના તેમજ ડો.રાજુલબેન દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાત સરકાર ગરીબો માટે ખુબ જ પ્રસંસનીય કાર્ય કરી રહી છે અને તેમાય ગુજરાત રાજ્ય બાળ આયોગના ડો. રાજુલબેન દેસાઈ દ્વારા આ રીતે ગામડે ગામડે પહોંચીને જે રીતે પાલક માતાપિતા યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે તે પ્રસંસનીય છે.

### થરાદમાં આરઆરસેલ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તથા મહેશકુમાર સવદાસભાઈ અને હસમુખભાઇ જોધાભાઇ, પ્રવિણભાઇ અને વિનોદભાઈની ટીમે પેટ્રોલિંગ દરમ્યાન બાતમીના આધારે મેઘપુરા ગામની સીમમાં નાકાબંધી કરીને જીજે૦૧ કે ક્યુ ૬૭૯૭ નંબરની સેવરોલેક કારમાં રૂપીયા ૨૪૦૦૦ની કિંમતની ૨૪૦ બોટલ તથા એક લાખની કાર સાથે લાખણી તાલુકાના જડીયાળીના ભરતભાઇ નશાજી પટેલને ઝડપી લીધો હતો.તદુપરાંત ઉપરોક્ત ટીમે સિધોતરા ગામના શંભુજી હેંગોળજી ઠાકોરના ખેતરમાં રેડ પાડીને ૨૪૦૦ રૂપીયાની ૨૪ બોટલ કબજે લીધી હતી.તેમજ તેની સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### બનાસકાંઠામાં આંગણવાડી...

પાના નં.૮ ચાલુ

જેમાં આશરે ૨ લાખ જેટલા બાળકો જીલ્લામાં આંગણવાડી કેન્દ્ર પર જાય છે. પરંતુ આ બાળકો માટે સરકારે જે શુધ્ધ પાણી માટે જોગવાઈ કરી છે તે માત્ર શોભાના ગાંઠિયા સમાન બની છે, બાળકો માટે આરો મશીન ફીટ કરવામાં આવ્યું છે પરંતુ તેમાં પાણી આવે તે માટે કોઈ વ્યવસ્થા નથી. સરકાર દ્વારા આરો ખરીદવામાં આવ્યા. જયારે તેના ફીટીંગ માટે ૫૦૦૦ હજાર અલગ થી સહાય આપવામાં આવી. પરંતુ આજે જીલ્લાની આંગણવાડી કેન્દ્રો પર આરો મશીન માત્ર શોભાના ગાંઠિયા સમાન બન્યા છે. તેનો લાભ બાળકોને મળતો નથી.ત્યાંરે અમે અન્ય બીજી એક આંગણવાડી ની રિયાલિટી ચેક કરી ત્યાં પણ આજ રીતે આરો પ્લાન્ટ ફિટીગ કર્યા વગર જ મળી આવ્યું હતું.

બનાસકાંઠા જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં લગાવવામાં આવેલ આરો બાળકોને કોઈ જ પ્રકારે ઉપયોગમાં આવતા નથી. અત્યારે આરો માત્ર આંગણવાડી કેન્દ્રના એક ખૂણામાં ઉભા છે. પરંતુ પ્રશ્ન એ છે કે સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચી લગાવવામાં આવેલા આ આરો મશીન બાળકોને ક્યારે ઉપયોગમાં આવશે. આ સમગ્ર મામલે જીલ્લા પ્રોગ્રામ અધિકારીએ આરો ફીટીગ થઈ ગયા હોવાનું અને તમામ આરો ચાલુ હોવાના દાવા કરી રહ્યાં છે.જોકે ફિટીગ ખર્ચ પણ ચુંકવાઈ ગયુ હોવાનું જણાવી રહ્યાં છે.

જીલ્લાની આંગણવાડી કેન્દ્રોમાં આરો પ્લાન્ટ લગાવ્યાને ૧૨ માસ થી વધુ સમય થઇ ગયો છે. પરંતુ હજુ સુધી જીલ્લાની મોટાભાગની આંગણવાડીમાં આરો પ્લાન્ટનું પાણી બાળકોના મુખ સુધી પહોચ્યું નથી. સરકારી સાધનોની ખરીદીની જેમ જ બાળકોના આરો ખરીદીમાં પણ મોટું કૌભાંડ ગુજરાત કક્ષાએ આચરાયું હોવાનો રાવ ઉઠી છે. આ તો વાત માત્ર બનાસકાંઠાની થઈ પંરતુ સમગ્ર ગુજરાતમાં ખરેખરની આંગણવાડી મા અજ સ્થિતી હશે ત્યાંરે સૌથી મોટો પ્રશ્ન એ છે કે બાળકોને આરોમાંથી શુધ્ધ પાણી નસીબ થશે ખરું...?

### વડાવળમાં એક...

પાના નં.૮ ચાલુ

આધારકાર્ડ પાનકાર્ડ એટ-ીએમ કાર્ડ સહિતની વસ્તુઓ મળી આવતા ગ્રામજનોને શંકા જતા ભીલડી પોલીસને બોલાવતા ભીલડી પો.સ.ઈ. ડી.આર. પારગીએ પોલીસ અધિક્ષક બનાસકાંઠા તથા નાયબ પોલીસ અધિક્ષક દિયોદરને આ અંગેની જાણ કરતા તેઓના માર્ગદર્શન હેઠળ ભીલડી પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર. પારગી તથા હે.કોન્સેટબલ રાજેશભાઈ, નવિનભાઈ દિલીપભાઈ પોલીસ કોન્સ્ટેબલ અમરત ભાઈ, હસમુખભાઈ જગદીશભાઈએ ટીમ બનાવી બનાવની ગંભીરતા જોઈ સ્થળની મુલાકાત લઈ શંકાસ્પદ ઈસમને વડાવળ ગામલોકો પાસેથી મેળવી ભીલડી પોલીસ સ્ટેશન લાવી વધુ પુછપરછ હાથ ધરી હતી. જે પૂછપરછ દરમ્યાન આ ઈસમ રમણ સન ઓફ ક્રિશ્નકુમાર જાતે વિશ્વકર્મા રહે.જમાલપુર તા.બિસ્વા જિલ્લો સીતાપુર ઉત્તરપ્રદેશનો હોવાનું જાણવા મળેલ. જેથી ભીલડી પોલીસ તેના પરિવારનો સંપર્ક કરતા તેના નાનાભાઈ રાજુ સન ઓફ ક્રિશ્નકુમાર તા. ૫/૭/૨૦૧૮ ને ગુરુવારના રોજ ભીલડી પોલીસ સ્ટેશન આવતા આ ઈસમનું તેમનું આધારકાર્ડ રજુ કરતા આ બન્ને ભાઈઓનું મિલન કરાવ્યુ હતું. તેમના ભાઈના જણાવ્યા પ્રમાણે આ ઈસમ છેલ્લા ૬ થી ૭ વર્ષથી માનસિક બિમાર હોઈ છેલ્લા બે માસ અગાઉ ઘરેથી કોઈને કહ્યા વગર નિકળી ગયો હતો. ત્યારે તેમના ભાઈનું મિલન થતા પરિવારજનોએ ભીલડી પોલીસનો આભાર માનતા પરિવારજનોમાં હર્ષના આંસુ જોવા મળ્યા હતા

### કાંકરેજ તાલુકાના...

પાના નં.૮ ચાલુ

મુખ્ય નહેરમાં જો સાયફન મોટું હોત તો આ હોનારત ન સર્જાત ને એ વિશે ચર્ચા વિચારણા બાદ કેન્દ્ર- રાજ્ય સરકાર દ્વારા ત્વરિત નિર્ણય લઈ ખારીયા ગામ પાસે કરોડોના ખર્ચે ૮૫ મીટરના સાઈફનને બદલે ૨૪૭ મીટરનું સાયફન નિષ્ણાત એજન્સીનું ટેન્ડર પાસ કરીને બનાવવામાં આવી રહ્યું હતું. જેના પીવાના પાણીની તકલીફ ન પડે તે માટે પાણીને ડાયવર્ટ કરાયેલ. પહેલી જુલાઈ-૧૮ પહેલાં સાઈફનનું કામ ટેસ્ટીંગ કરી પૂર્ણ કરવાનું હતું. પરંતુ આ સાઈફનના કામમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ ચાલતી હોવાની બુમરાડ વારંવાર ઉઠવા પામી હોવા છતાં રાજ્ય સરકાર કે નર્મદા નિગમ દ્વારા કોઈ જ પગલા નહી ભરાયાનું સ્થાનિક લોકો કહી રહ્યા છે. ત્યારે કાંકરેજ તાલુકાથી ગામડા-નગરમાં છેલ્લા કેટલાક સમયથી નર્મદાનું પાણી બંધ કરાતા પીવાના પાણીની ભયંકર તકલીફ ઉભી થઈ છે. બીજી તરફ સાયફન તૈયાર થતાં ૩૦ મી જુન - પછી પાણી છોડવાનું શરૂ કરાતાં સાઈફને ભ્રષ્ટાચારીઓની પોલ ખુલ્લી કરી દેતા સાઈફનમાં પાણી આવતાં જ રેત પાણીને રોડા જેવા કામમાં 'લીકેજ' થવા લાગ્યું હતું. જેનાથી તંત્ર ગભરાઈને દોડાદોડ કરવા લાગ્યું. છતાં એજન્સી સમગ્ર પ્રકરણને દબાવવા અથાગ પ્રયત્ન કરી રહી છે. સ્થાનિક રાજ્ય સરકારનું ધ્યાન દોરી આ સાયફનના કામમાં થયેલ વ્યાપક ગેરરીતિને ખુલ્લી પાડે તેવી લોકોની માંગ છે.

### થરાદમાં બસના...

પાના નં.૮ ચાલુ

આવી હોવાનું પણ જણાવ્યું હતું. આખરે પોલીસે વિધાર્થી ઓને સમજાવતાં અને થરાદ એસટી વિભાગના સત્તાવાળા ઓએ સમયસર બસ મોકલવાની ખાત્રી આપતાં મામલો પડ્યો થાળે પડ્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે વિધાર્થીઓ માટે સમયસર બસો મુકવાના મુદ્દે એસ ટી નિગમના સલાહકાર મંડળના સદસ્ય ઓખાભાઇ પટેલ (નારોલી)એ પણ અવારનવાર રજુઆતો કરી હતી.

### વાવના બાલુંત્રી...

પાના નં.૮ ચાલુ

ઈનોવા ગાડીમાંથી વિદેશી પર પ્રાંતિય દારૂની બોટલ નંગ ૧૫૬૮ કિ.રૂા. ૧,૫૬,૮૦૦ મળી આવ્યો હતો. આથી ગાડી સહિત ૫,૦૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી ભાગી ગયેલ ઈનોવા ચાલક વિરૂધ્ધ માવસરી પો.સ્ટે.માં ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

### પાલનપુરની પ્રગતિ...

પાના નં.૮ ચાલુ

રહેતા રાધવદાસ રતનદાસ ગઢવી રહેણાંક મકાનને નિશાન બનાવ્યું હતુ. જે મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાંથી રોકડ રકમ અને સોના – ચાંદીના દાગીના સહિત રૂપિયા ૯૭,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી નાસી ગયા હતા. આ અંગે રાધવદાસે પૂર્વ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે તસ્કરોનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### ધાનેરા બસ...

પાના નં.૮ ચાલુ

ત્યાં જઈ જોયું તો ટાંકી ઉભરાઈ પાણી વેડફાઈ રહ્યું હતું અને આ બાબતે અમારી ટિમ દ્વારા પણ એક મુસાફર બની આ ડેપો મેનેજર કે. કે. પરમારનો ટેલિફોનિક સંપર્ક કરતા જણાવ્યુ હતુ કે બસ સ્ટેન્ડમાં નાઈટ હોલ્ડમાં પડેલી બસમાં ડ્રાયવર કે કન્ડક્ટર હોય તો મને વાત કરવો પણ ત્રણ બસના ડ્રાયવર કે કંડકટર ડેપો મેનજર જોડે વાત કરવા કે તેમનો ફોન હાથમા પકડવા કોઈ જ તૈયાર ન હતું અને આ જવાબદારી અમારી નથી આવતી તેમ કહી બસ ચાલકોએ હાથ અધ્ધર કરી દીધા હતાં અને કલાકો સુધી પાણી વેડફાતું રહ્યું હતું. જો કે, ડેપો મેનેજરે જણાવ્યું કે કોઈ મુસાફરે આ પાણીની મોટર ચાલુ કરી હતી અને તે માટે પાણી વેડફાયુ છે અને હું મુસાફર ઉપર ધાનેરા પોલીસ મથકમાં ફરિયાદ પણ કરવાનો છું ત્યારે હવે અહીં સવાલ એ ઉભો થાય છે કે પાણી મોટરની સ્વીચ ક્યાં છે બસ ડેપોની ઓફિસમાં કે બહાર.કેવી રીતે મુસાફરે કરી મોટર ચાલુ.પહેલા તો ડ્રાયવર કે કન્ડક્ટર કોઈ ફોન પણ હાથમાં પકડવા તૈયાર ન હતું અને પછી કેવી રીતે કીધું કે મુસાફરે મોટર ચાલુ કરી.કે કે પછી ધાનેરા બસ ડેપો રામ ભરોસે ચાલી રહ્યું છે. તંત્ર આ બાબતે તટસ્થ તપાસ કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## શિયાળામાં રોજ એક જામફળ ખાવાથી વજનમાં ઘટાડો થવાની સાથે આ ફાયદા થશે

ઠંડીમાં જ બજારમાં તમામ પ્રકારના લીલા શાકભાજી, ફળફળાદી મળવા લાગે છે. આ ઋતુમાં પાચનક્રિયા ઝડપથી થતી હોવાથી ભુખ પણ વધારે લાગે છે. શિયાળામાં મળતાં ફળમાંથી સૌથી વધારે લાભકારક હોય છે જામફળ. જામફળ ખાવામાં સ્વાદિષ્ટ હોવાની સાથે સ્વાસ્થ્ય અને સૌંદર્ય માટે પણ ફાયદાકારક સાબિત થાય છે. આ ફાયદા વિશે જાણીને તમે પણ આજથી જ શરૂ કરી દેશો જામફળ ખાવાની.

**વજન ઘટાડે છે :**જામફળ વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે. તેમાં કેલેરીનું પ્રમાણ ઓછું હોય છે. પરંતુ તેને ખાવામાં ભારે હોય છે જેથી વારંવાર ભુખ લાગતી નથી. એક જામફળ પણ તમારું પેટ ભરી દે છે.

**ડાયાબિટીસ :**જામફળમાં ફાયબર ભરપૂર માત્રામાં હોય છે જે ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક હોય છે. જામફળ ખાવાથી શરીરમાં શુગરની માત્રા પણ નિયંત્રણમાં રહે છે.

**કબજિયાત :**જામફળમાં નાના-નાના બી હોય છે. તેનાથી પેટની સમસ્યાઓ દૂર થાય છે. આ બી પેટમાં જઈ આંતરડાની સફાઈ કરે છે જેથી કબજિયાતની સમસ્યા દૂર થઈ જાય છે.

**દાંતના દુખાવામાં રાહત :**જામફળમાં રહેલા કેટલાક તત્વો દાંતના ઈન્ફેકશનને દૂર કરવામાં મદદરૂપ હોય છે. જામફળના પાંદડાનો રસ કાઢી અને દાંત સાફ કરવાથી દાંત અને પેઢાની સારી રીતે સફાઈ થાય છે અને સડો પણ દૂર થઈ જાય છે.

**મગજ માટે ફાયદાકારક**

જામફળમાં રહેલા વિટામીન મગજને રીલેક્ષ કરે છે અને મેમરી પાવર વધારે છે. તેને ખાવાથી રક્ત પરીભ્રમણ પણ સારી રીતે થાય છે.

## શુ તમે પણ ભાત વધુ ખાવ છો ? તો તમને ઉઠાવવા પડશે આ નુકશાન

ભાત લગભગ દરેક કોઈ ખાવા પસંદ કરે છે. લોકો ભલે રાત્ર ભાતને એવોઈડ કરી દે છે પણ બપોરના સમયે ભાત તો જાણે તેમની ફેવરેટ ડિશ હોય છે.

ભાત ખાવાથી પેટ તો ભરાય જ જાય છે પણ ભૂખ પણ વારેઘડીએ લાગતી રહે છે. વધુ પ્રમાણમાં ભાતનુ સેવન કરવાથી શરીરને અનેક પ્રકારનુ નુકશાન થઈ શકે છે. જો તમે પણ વધુ ભાતનુ સેવન કરો છો તો તેનાથી થનારા નુકશાન વિશે જાણી લો..

**ડાયાબિટીસ** - એક વાડકી ભાતમાં ઓછામાં ઓછી ૧૦ ચમચી જેટલી કેલોરી હોય છે. રોજ તેનુ સેવન કરવાથી ડાયાબીટીસની શક્યતા વધી જાય છે.

**જાડાપણુ** - બાફેલા ચોખામાં કાર્બોહાઈડ્રેટ્સ ની માત્રા પણ વધુ હોય છે જે વજન વધારવાનુ કામ કરે છે.

**ઓવર ઈટિંગ** - આમ તો ભાત ખાવાથી પેટ જલ્દી ભરાય જાય છે અને આ સહેલાઈથી પચી પણ જાય છે. પણ તેને ખાવાથી વારેઘડીએ ભૂખ પણ લાગે છે.

**ઓછુ ન્યૂટ્રિએંટ્સ** - સફેદ ભાતમાં ન્યૂટ્રિએંટ્સની માત્રા ખૂબ ઓછી હોય છે. જેના કારણે શરીરને જરૂરી વિટામિન્સ અને ન્યૂટ્રિએંટ્સ મળતા નથી.

**નબળા હાડકા** - સફેદ ચોખામાં વિટામિન સી ની માત્રા ઓછી હોય છે. જેને કારણે હાડકાને કોઈ ફાયદો થતો નથી.

**પાચન શક્તિમાં પ્રોબ્લેમ્બ** - સફેદ ચોખામાં ફાઈબર્સની માત્રા ખૂબ ઓછી હોય છે. તેમને વધુ માત્રામાં ખાવાથી પાચન શક્તિ કમજોર થઈ જાય છે.

## ઓન ધ સ્ક્રીન

અનુસંધાન ૫ નું ચાલુ

રૂસ્તમ ફિલ્મમાં પણ નજરે પડી હતી. જે બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. તેને સારા કલાકારો સાથે રોલ મળ્યા છે.ઈલિયાના પોતાની કેરિયરમાં ખરાબ સમયમાંથી પણ પસાર થઈ ચુકી છે. થોડાક સમય પહેલા ઈલિયાનાએ એવો ખુલાસો કરીને તમામને ચોંકાવી દીધા હતા કે એક વખતે તે એટલી હદ સુધી ડિપ્રેશનમાં પહોંચી ગઈ હતી કે તે આત્મહત્યા અંગે વિચારતી રહેતી હતી. પોતાના સંઘર્ષ અનવે ડિપ્રેશનના સંબંધમાં વાત કરતા ઈલિયાનાએ કહ્યુ છે કે ડિપ્રેશન એકદમ સાચી બાબત છે. તેનુ કહેવુ છે કે ડિપ્રેશન દિમાગમાં એક પ્રકારની કેમિકલ અસમાનતા છે. તેની સારવાર કરવામાં આવે તે જરૂરી છે. મેન્ટલ હેલ્થની ૨૧મી બેઠકમાં ઈલિયાનાએ આ મુજબની વાત કરી હતી. તેનુ કહેવુ છે કે તે ખુબ જ સંકુચિત પ્રકારની છે. તે હમેંશા ઉદાસ રહેતી હતી. જો કે એ વખતે તેને આ બાબતની ખબર ન હતી કે તે ડિપ્રેશન અને બોડી ડિસ્મોર્ફિક ડિસઓર્ડરથી ગ્રસ્ત છે. તે માત્ર એમ ઈચ્છતી હતી કે લોકો તેને સ્વીકાર કરે. ઈલિયાનાને પહેલા પણ રવિ તેજા સાથે કામ કરી ચુકી છે. રવિ તેજાની ફિલ્મની ચાહકો હમેંશા ઈન્તજાર કરતા રહે છે. તમામ પ્રકારની કુશળતા હોવા છતાં ઈલિયાના બોલિવુડમાં અપેક્ષા કરતા ઓછી સફળતા હાંસલ કરી શકી છે. તે કેટલીક મોટી ફિલ્મ કરી ચુકી છે. જેમાં બાદશાહો, રૂસ્તમ અને મે તેરા હિરો ફિલ્મનો સમાવેશ થાય છે. જો કે દક્ષિણ ભારતની ફિલ્મમાં તે સુપર સ્ટાર તરીકે રહી છે. દક્ષિણમાં તેની પાસે ફિલ્મો વધારે છે. તમામ સુપરસ્ટાર સાથે તે સાઉથની ફિલ્મમાં દેખાઈ છે.

## ડાન્સ ફિલ્મ

અનુસંધાન ૫ નું ચાલુ

ડિસુઝાની આગામી ડાન્સ ફિલ્મને ભારતની સૌથી મોટી ડાન્સ ફિલ્મ તરીકે ગણવામાં આવે છે. તેમાં કોરિયોગ્રાફર અભિનેતા પ્રુ દેવાના ઉપરાંત ધર્મેશ યેલંડે, રાઘવ જુયાલ અને પુનિત પાઠક પણ નજરકે પડનાર છે. જે એબીસીડી-૨માં પણ કામ કરી ચુક્યા છે. ભુષણે કહ્યુ છે કે વર્ષ ૨૦૧૮ ટી સિરીઝ માટે ઐતિહાસિક વર્ષ સાબિત થનાર છે. તેઓ એકલા આ કામ કરી શકે નહી. જ્યારે રિમો ભારતની સૌથી મોટી ડાન્સ ફિલ્મને સામેલ કરવા માટે તૈયાર થઈ ગયા ત્યારે અમારી ખુશી આસમાને પહોંચી ગઈ હતી. વરૂણ અને કેટરીના કેફની જોડી ફિલ્મમાં મુખ્ય જોડી રહેશે. બન્નેની જોડી પ્રથમ વખત સાથે આવી રહી છે. સાથે ખુબસુરત જોડી તરીકે રહેશે. ડિસુઝા હાલમાં રેસ-૩ ફિલ્મના શુટિંગમાં વ્યસ્ત છે. જેમાં સલમાન ખાન, જેક્લીન અને બોબી દેઓલ મુખ્ય રોલમાં છે. અનિલ કપુર પણ કામ કરી રહ્યો છે. ડાન્સ ફિલ્મ હોવાથ યુવા પેઢીને ખાસ આ ફિલ્મ પસંદ પડનાર છે. કેટરીના કેફ છેલ્લે ટાઈગર જિન્દા હે ફિલ્મમાં નજરે પડી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. સલમાન સાથે લાંબા સમય બાદ કેટરીના કેફ નજરે પડી હતી. ફિલ્મ હિન્દી સિનેમાની સૌથી મોટી હિટ ફિલ્મ તરીકે પુરવાર થઈ હતી.

## સારા

અનુસંધાન ૫ નું ચાલુ

એક્શન સિક્વન્સ માટે ટ્રેનિંગ પણ રણવીર સિંહે લઈ લીધી છે. રોહિત શેટ્ટીની નવી ફિલ્મમાં તે પોલીસ અધિકારીની ભૂમિકામાં નજરે પડનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રોહિત શેટ્ટીની મોટા ભાગની ફિલ્મો એક્શનથી ભરપુર રહે છે. હાલમાં તે ઝોયા અખ્તરની ફિલ્મ ગુલ્લી બોયના શુટિંગને લઈને વ્યસ્ત છે. આ ફિલ્મમાં તેની સાથે આલિયા ભટ્ટ કામ કરી રહી છે. રોહિત શેટ્ટી દ્વારા નિર્દેશિત ફિલ્મમાં રણવીર સિંહ તેની કેરિયરમાં હજુ સુધીની સૌથી મોટી ભૂમિકા અદા કરવા જઈ રહ્યો છે. શેટ્ટીની ટીમ સાથે તે કેટલાક સપ્તાહ સુધી ખાસ ટ્રેનિંગ પણ કરી ચુક્યો છે. રોહિત શેટ્ટી સાથે કામ કરવાની તેની ઈચ્છા આખરે પૂર્ણ થઈ રહી છે. તેમની ફિલ્મો તમામ પેઢીને પસંદ પડે છે. તેમની એક્શન ફિલ્મો ચાહકોને ગમે છે. દક્ષિણ ભારતની ફિલ્મ ટેમ્પરના અધિકાર અમે ખરીદી લેવામાં આવ્યા બાદ સિમ્બા પર કામ શરૂ કરવામાં આવ્યુ છે. આ ફિલ્મથી અમારી ફિલ્મ પ્રેરિત છે. રણવીર સિંહ મોટા ભાગે સંજય લીલાની ફિલ્મમાં જ હજુ સુધી મોટા રોલ કરતો રહ્યો છે. આવી સ્થિતીમાં તેની રોહિત શેટ્ટીની ફિલ્મમાં મોટી કસોટી થનાર છે. એક્શનને લઈને રણવીર ભારે મહેનત કરી રહી છે.

## સલમાનની ફિલ્મ મળતા હવે દિશા ટોપ સ્ટારમાં છે

બોલિવુડમાં આશાસ્પદ સ્ટાર તરીકે ઉભરેલી અભિનેત્રી દિશા પટની લોકપ્રિય સ્ટાર અભિનેત્રીની યાદીમાં સામેલ થઈ રહી છે. તેને સલમાન ખાન સાથેની ભારત ફિલ્મ પણ મળી ગઈ છે. આ ફિલ્મમાં કામ કર્યા બાદ તેને વધુ મોટી ફિલ્મ હાથ લાગે તેવી શક્યતા છે. બોલિવુડ અને હોલિવુડની ફિલ્મોમાં કામ કરી રહેલી પ્રિયંકા ચોપડાના નામની પસંદગી કરવામાં આવ્યા બાદ હવે ફિલ્મમાં ઉભરતી સ્ટાર દિશા પટનીની પણ પસંદગી કરવામાં આવી છે. સલમાન ખાન જેવા સુપરસ્ટાર સાથે ફિલ્મ મળ્યા બાદ તે ભારે ખુશ દેખાઈ રહી છે. હાલમાં રજૂ કરવામાં આવેલી તેની બાગી-૨ ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. ધોનીની લાઈફ પર બનેલી ફિલ્મમાં પણ તે નજરે પડી હતી. તેની પાસે સારા સારા પ્રોજેક્ટ આવી રહ્યા છે. સલમાન ખાનની મોટી ફિલ્મ હાથ લાગ્યા બાદ તે ભારે ખુશખુશાલ દેખાય છે. સલમાન ખાનના પ્રોડક્શન હેઠળ જ આ ફિલ્મ બનાવવામાં આવી રહી છે. ફિલ્મમાં અન્ય કેટલાક મોટા સ્ટારની પસંદગી પણ કરવામાં આવનાર છે. ભારત ફિલ્મમાં રોલ મેળવી લેવા માટે શ્રદ્ધા કપુરે પણ તમામ તાકાત લગાવી હતી જો કે તેને સફળતા મળી નથી. બાગી-૨ ફિલ્મ બાદ દિશા પાસે હાલમાં કોઈ ફિલ્મ ન હતી જેથી તેની પસંદગી કરી લેવામાં આવી છે.

સલમાન ખાનના સૌથી મોટા પ્રોજેક્ટ તરીકે આને ગણવામાં આવે છે. ફિલ્મમાં ભારતના ૭૦ વર્ષના ઈતિહાસનો ઉલ્લેખ કરવામાં આવનાર છે. જેમાં ભારત-પાકિસ્તાનના ભાગલાની વાર્તા પણ સામેલ છે.

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ......................જ.તા. ................ઉ.વ.

પરિચય: ........................................................

સરનામુ : ......................................................

મોકલનારની સહી : ...........................................

## ઈન્દ્રાડ સીમમાં છત્રાલના યુવક પર જીવલેણ હુમલો : છ સામે ફરિયાદ

મહેસાણા

કડીના ઈન્દ્રાડ ગામની સીમમાં ગત શનિવારે સાંજે છત્રાલના એક યુવક પર છ શખ્સો દ્વારા હથોડીથી હુમલો કરી હાથ અને પગે ફેકચર કરવા મામલે ચકચાર મચી છે. આ બાબતે યુવકે છ વ્યક્તિઓ વિરૂધ્ધ નંદાસણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

છત્રાલના ઈરફાન ઉર્ફે મહંમદ નસરૂદીન સૈયદે ગત રવિવારે નંદાસણ પોલીસ મથકમાં મોન્ટુ, બીલ્લો, બદો તથા અન્ય ત્રણ ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ઈરફાન સૈયદને ઈન્દ્રાડ ગામની સીમમાં રોકી મારા મારી કરી હતી. અને હથોડીથી હાથે અને પગે ગંભીર ઈજાઓ કરી ફરાર થઈ ગયા હતાઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવેલ. પોલીસે ફરિયાદના આધારે આરોપીઓની તપાસ હાથ ધરી છે.

## કડીના કરણનગરમાં સામાન્ય બાબતે મહિલા પર જીવલેણ હુમલો

મહેસાણા

કડીના કરણનગર ખાતે ઘર આગળ કચરો નાખવાની ના પાડતા એક મહિલા પર પાઈપ અને ઈંટથી હુમલો કરી માથાના ભાગે ઈજા કરવામાં આવી હતી. આ બાબતે બે મહિલા સહિત ત્રણ વ્યક્તિ સામે કડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.કરણનગર સ્થિત ગોહીલવાસમાં હેતા શીતલબેન વાઘુભાઈ પટેલે ગામના રંજનબેન નરેન્દ્રગીરી ગોસ્વામી, સંગીતાબેન ગોસ્વામી, અને પ્રશાન્ત નરેન્દ્રગીરી ગોસ્વામી સામે ગત સોમવારે કડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ગત રવિવારે શિતલબેન પટેલના ઘર આગળ કચરો નાંખતા શિતલબેને કચરો નાંખવાની ના પાડતા મામલો બિચક્યો હતો જેમાં બંને વચ્ચે તકરાર થઈ હતી જેમાં આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને શિતલબેનને અપશબ્દો બોલી પાઈપ અને ઈંટથી માથાના ભાગે હુમલો કરી ઈજા પહોંચાડી હતી આ બાબતે કડી પોલીસ મથકે આરોપીઓ સામે ગુનો નોંધાવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

## હારીજના બોરતવાડાના વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાધો

હારીજ

હારીજ તાલુકાના બોરતવાડા ગામે એક વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. આ બાબતે હારીજ પોલીસ મથકે દાખલ થયેલ અકસ્માતે મોતની ફરિયાદ અનુસાર સુરેશભાઈ મકવાણા (ઉ.વ.૩૭) નો પુત્ર કિરણ (ઉ.વ.૧૭) ધો.૧૨ ની પરીક્ષા આપી હતી. પરંતુ નપાસ થવાની બીકે આ વિદ્યાર્થીએ પોતાના ઘરે ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હતું.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **નેનાવા** | | ગવાર | ૬૮૦-૭૩૦ |
| બાજરી | ૨૫૧-૨૬૨ | ઘઉં | ૩૩૬-૩૬૦ |
| ગવાર | ૭૩૩-૭૬૬ | બાજરી | ૨૩૫-૨૮૧ |
| રજકો | ૧૭૬૦-૨૨૩૬ | જુવાર | ૫૮૫-૮૮૩ |
| અજમો | ૮૫૧ | રજ.બા. | ૪૧૬-૪૮૫ |
| ચીકુડી | ૧૨૦૧-૧૨૯૯ | **પાટણ** | |
| સુવા | ૧૦૯૬-૧૧૧૦ | જીરૂ | ૧૦૦૦-૩૩૫૧ |
| મગફળી | ૬૦૫ | વરીયાળી | ૧૨૩૫-૧૫૨૨ |
| ઈસ. | ૧૧૧૧-૧૫૨૧ | મેથી | ૩૬૦-૪૮૦ |
| રાયડો | ૭૦૮-૭૨૩ | સુવા | ૮૫૦-૧૧૧૧ |
| એરંડા | ૮૦૯-૮૧૬ | રાયડો | ૬૭૦-૭૩૯ |
| જીરૂ | ૨૮૦૧-૩૫૪૦ | એરંડા | ૮૦૦-૮૨૭ |
| **ડીસા** | | અજમો | ૭૦૦-૧૨૦૦ |
| એરંડા | ૮૧૦-૮૧૭ | ઘઉં | ૩૩૩-૩૭૫ |
| રાયડો | ૭૦૫-૭૧૫ | જુવાર | ૪૫૧-૯૦૦ |
| ઘઉં | ૩૪૦-૩૫૮ | બાજરી | ૨૦૦-૨૬૬ |
| બાજરી | ૨૫૪-૨૯૫ | કુરી | ૫૦૦ |
| ગવાર | ૭૨૭ | રજ.બા. | ૪૦૦-૫૦૫ |
| મગફળી | ૭૦૦-૮૫૧ | રજકો | ૧૪૦૦-૨૪૭૦ |
| રાજગરો | ૧૧૫૦-૧૨૦૫ | ચીકુડી | ૯૦૧-૧૩૮૯ |
| **હળવદ** | | ગવાર | ૬૯૦-૭૪૦ |
| જીરું | ૩૧૫૦-૩૪૪૫ | **થરાદ** | |
| તલ | ૧૭૫૦-૨૦૪૨ | રાયડો | ૧૦-૭૪૧ |
| એરંડા | ૭૦૧-૮૧૧ | એરંડા | ૮૦૦-૮૧૭ |
| ગવાર | ૭૦૦-૭૩૭ | બાજરી | ૨૪૫-૨૬૭ |
| ઘઉં | ૩૩૧-૩૮૦ | ચિકુડી | ૧૩૬૦-૧૪૧૧ |
| ધાણા | ૬૦૧-૮૩૫ | ગવાર | ૬૮૦-૭૩૪ |
| **ધાનેરા** | | મેથી | ૫૫૦-૭૭૬ |
| ઘઉં | ૩૨૮-૩૪૩ | જીરુ | ૨૬૫૦-૩૫૭૬ |
| બાજરી | ૨૫૧-૨૮૧ | અજમો | ૧૦૦૦-૧૮૫૦ |
| જુવાર | ૪૦૦ | ઈસબગુલ | ૧૨૦૦-૧૫૪૦ |
| ગવાર | ૭૦૯-૭૬૨ | રજકો | ૧૮૦૦-૨૫૨૫ |
| બીજડા | ૧૦૫૬-૧૧૧૨ | સુવા | ૯૦૨-૧૦૯૦ |
| મગફળી | ૬૭૦-૭૪૪ | વરીયાળી | ૧૩૩૦-૧૪૦૧ |
| રાયડો | ૬૬૦-૭૨૮ | **રાહ** | |
| એરંડા | ૭૯૦-૮૧૭ | રાયડો | ૭૧૦-૭૨૫ |
| ઈસ. | ૧૦૫૦-૧૫૧૬ | એરંડા | ૮૦૫-૮૧૫ |
| જીરૂ | ૩૧૫૧-૩૪૪૦ | બાજરી | ૨૪૫-૨૫૫ |
| તલ | ૧૪૩૦-૧૫૮૧ | ચિકુડી | ૧૩૫૦-૧૩૮૦ |
| મેથી | ૫૬૧-૫૬૬ | સુવા | ૯૫૦-૧૦૨૩ |
| સુવા | ૧૦૨૦-૧૦૮૦ | **પીલૂડા** | |
| વરી. | ૧૨૮૦-૧૪૧૨ | જીરું = | ૩૦૦૫- ૩૭૦૧ |
| રાજગરો | ૧૦૭૧-૧૨૦૬ | રાયડો= | ૭૧૦- ૭૪૦ |
| અજમો | ૧૦૪૦-૧૩૭૧ | એરંડા = | ૮૦૦ - ૮૨૦ |
| રજકો | ૨૩૫૦ | ઈસબગુલ= | ૧૨૨૦ - ૧૫૩૧ |
| અન્ય | ૯૯૨-૧૪૧૨ | ચીકુડી = | ૧૨૫૧ - ૧૨૫૧ |
| ચીકુડી | ૧૩૩૬-૧૪૩૬ | અજમો = | ૧૫૫૧ - ૧૭૨૫ |
| રજકા બાજરી | ૪૩૯-૪૭૮ | બાજરી = | ૨૫૦ - ૨૬૦ |
| **સિધ્ધપુર** | | મેથી = | ૫૦૦ -૫૦૦ |
| રાયડો | ૬૯૭-૭૨૨ | રજકો = | ૨૦૫૦ - ૨૨૦૩ |
| એરંડા | ૭૯૪-૮૨૦ | સુવા = | ૮૩૦ - ૮૩૦ |
| અડદ | ૭૦૦-૭૩૪ | રાજગરો = | ૯૦૦ - ૯૦૦ |
| ગવાર | ૭૦૦-૭૬૦ | **પાંથાવાડા** | |
| ઘઉં | ૩૩૮-૪૨૪ | ઘઉં - | ૩૩૬/- ૩૩૬/- |
| બાજરી | ૨૨૦-૨૭૦ | બાજરી - | ૨૫૩/- ૨૬૦/- |
| જુવાર | ૪૮૦-૯૮૯ | ગવાર - | ૬૮૦/- ૭૦૦/- |
| **થરા** | | રાજગરો- | ૧૧૫૦/- ૧૧૫૦/- |
| જીરૂ | ૨૮૦૦-૩૭૩૩ | રાયડો - | ૭૨૬/- ૭૨૭/- |
| એરંડા | ૮૦૫-૮૩૦ | એરંડા- | ૮૦૫/- ૮૧૭/- |
| રાયડો | ૬૭૦-૭૧૫ | મગફળી - | ૭૦૦/- ૮૨૪/- |

## સાબરકાંઠા જિલ્લાના ચાર લાખ બાળકોને મીઝલ્સ- રૂબેલાની રસીકરણ કરાશે

હિંમતનગર

તંદુરસ્ત ગુજરાતના નિર્માણ માટે રાજય સરકાર ધ્રુવાકરા સઘન રસીકરણ ઝુંબેશ હાથ ધર્યુ છે જે અંતર્ગત આગામી ૧૬મી જુલાઈ ૨૦૧૮થી ઓરી-નુરબીબી (મીઝલ્સત-રૂબેલા) રસીકરણ અભિયાનનુ આયોજન કરવામાં આવેલ છે.

સ્વસ્થય સાબરકાંઠાના નિર્માણ માટે જિલ્લાના ચાર લાખથી વધુ બાળકોને ૫૩૦૦ બૂથ મારફતે મીઝલ્સ અને રૂબેલા રસીકરણ હેઠળ આવરી લેવામાં આવશે એમ જિલ્લા કલેકટર શ્રી પ્રવિણા ડી.કેએ હિંમતનગર કલેકટર કચેરી ખાતે યોજાયેલ પત્રકાર પરીષદ દરમિયાન જણાવ્યું હતું.

આ અંગે વધુ વિગત આપતા કલેકટર શ્રી પ્રવિણા ડી.કે એ જણાવ્યું હતું કે, આ રસીથી નવજાત શિશુ અને બાળકોમાં રસીકરણથી રોગપ્રતિકાર શક્તિમાં વધારો થશે. આ રસીકરણ અભિયાનમાં શાળા-આંગણવાડી તથા છૂટાછવાયા વસવાટ કરતા પરીવારના ૯ માસથી ૧૫ વર્ષ બાળકોને રસી થી આવરી લેવામાં આવનાર છે. આ અભિયાન આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, અને આઈ.સી.ડી.એસ.વિભાગ તથા અન્યા સરકારી વિભાગો ધ્રુવાયરા સંયુકત રીતે યોજવામાં આવનાર છે. જેમાં ગ્રામ્ય સ્તરે આશા, આંગણવાડી કાર્યકર, આરોગ્યત કર્મચારી, વાલી, ધાર્મિક- સામાજીક નેતાઓ, પદાધિકારીઓ,શાળાના નોડલ શિક્ષક, આચાર્યને સહભાગી કરવામાં આવશે.

બેઠક દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણ, આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સી સહિત આરોગ્ય કર્મીઓ અને પ્રિન્ટ-ઈલેકટ્રોનિક અને વરિષ્ઠ પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા.

કયાં તાલુકામાં કેટલા બાળકોને આવરી લેવામાં આવશે.

| તાલુકો | રસી હેઠળ આવરી લેનાર બાળકો |
|---|---|
| હિંમતનગર | ૮૮૮૧ |
| ઈડર | ૬૪૩૮૬ |
| ખેડબ્રહ્મા | ૫૪૭૯૦ |
| પોશીના | ૪૯૦૫૭ |
| પ્રાંતિજ | ૪૦૪૨૩ |
| તલોદ | ૪૨૭૦૧ |
| વડાલી | ૨૩૪૭૭ |
| વિજયનગર | ૩૦૪૨૪ |

## પાટણ ખાતે ઓરી-રૂબેલા ઝુંબેશ અંતર્ગત જન-જાગૃતિ રેલી યોજાઈ



પાટણ

પાટણ જિલ્લામાં તા.૧૬/૦૭/૨૦૧૮ થી ૯ માસ થી ૧૫ વર્ષના બાળકોને ઓરી અને રૂબેલાની રસી આપવામાં આવશે. આ સંદેશો જાહેર જનતા સુધી પહોંચે તે માટે પાટણ ખાતે જન-જાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું. બાળકોને રસી અપાવી ઓરી અને રૂબેલાને ૨૦૨૦ સુધી નાબૂદ કરવાનો ધ્યેય રહેલો છે. રસી વિનામ્મૂલ્યે આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવનાર છે. લીઓ કલબ ઓફ પાટણ અને તાલુકા હેલ્થ કચેરી દ્વારા આ રેલી યોજાઈ હતી. રેલીમાં ડૉ.જયંત કનોરીયાએ. ડી.એચ. ઓ. સાબરકાંઠા, ડૉ.જીવરાણી કયુ.એમ. ઓ., સનત જોષી, મેલેરીયા અધિકારી,ડૉ.અક્ષય પ્રજાપતિ ટી.એચ.ઓ.,લીયો કલબના

પ્રમુખ નિકુલ ચુનાવાલા, લાયન્સ પ્રમુખ સતિષભાઈ ઠકકર, હેમંતભાઈ તન્ના, મનોજભાઈ પટેલ, માનષી ચૌધરી, ગૌરવ મોદી તથા આરોગ્યનો સ્ટાફ શિક્ષકો અને બાળકો રેલીમાં જોડાયા હતા. આ રેલી વી.કે.ભૂલા હાઈસ્કૂલથી લીલીઝંડી અપાઈ હતી ને સીવીલ હોસ્પિટલ ખાતે ગઈ હતી.

## મહેસાણામાં સીટી બસ ચાલુ કરવા વિપક્ષ ભાજપ સહિત આમપ્રજાની માંગ

મહેસાણા

મહેસાણા પાલિકાના શાસક પક્ષ દ્વારા સીટી બસ ચાલુ કરવાની જાહેરાત કરાઈ હતી. ત્યારબાદ આ બાબતે કોઈ હિલચાલ થઈ નથી. શાસક પક્ષની સાથે વિપક્ષ દ્વારા પણ બસ સેવા સત્વરે ચાલુ કરવા માંગ કરવામાં આવી હતી. શહેરમાં હાલ સીટી બસ ન હોવાથી રિક્ષા ચાલકો બેફામ ભાડુ લે છે, અગાઉ શહેરમાં સીટી બસ ચાલુ હતી જે વિના કારણે બંધ કરવામાં આવી હતી. હવે શાસક પક્ષ કોંગ્રેસે સીટી બસ ચાલુ કરવાનું વખત આપ્યા બાદ જ સત્તા મેળવી હતી. શહેર પ્રમુખે તો એવી જાહેરાત કરી હતી કે જ્યાં સુધી સીટીબસ ચાલુ નહિં થાય ત્યાં સુધી અમારા પ્રમુખ ગાડીનો ઉપયોગ નહિં કરે પરંતુ ત્રણે પ્રમુખો ગાડીનો ઉપયોગ કરી રહ્યા છે.

આ બાબતે ભાજપના નેતાએ કહ્યું કે વિપક્ષમાં હોવા છતાં આ બાબતે સાથ આપીએ છીએ, જો શહેર માટે સુવિધા થતી હોય તો અમોને શાનો વાંધો હોય?

## પાટણ જિલ્લામાં જુલાઈ માસ દરમ્યાન રોજગાર નોંધણી કેમ્પ યોજાશે

પાટણ

જિલ્લા રોજગાર કચેરી, પાટણ દ્વારા પાટણ જિલ્લાણમાં વિવિધ તાલુકા મથકોએ નામ નોંધણી, રીન્યુ અલ અને વ્યેવસાય માર્ગદર્શન કેમ્પટનું આયોજન કરવામાં આવેલ છે. રોજગાર વાંચ્છુી ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુમઅલ અને વ્ય?વસાય માર્ગદર્શન કેમ્પ તા.૧૨-૦૭-૧૮ના રોજ તાલુકા પંચાયત કચેરી, સિધ્ધપુર ખાતે, તા.૧૪-૦૭-૧૮ના રોજ ગ્રામ પંચાયત કચેરી, ચાણસ્મા ખાતે, તા.૧૭-૦૭-૧૮ના રોજ તાલુકા પંચાયત કચેરી, સાંતલપુર ખાતેઅને તા.૨૨-૦૭-૧૮ના રોજ તાલુકા પંચાયત કચેરી, રાધનપુર ખાતેયોજવામાં આવશે.

જો જાહેર રજા હોય તો તે પછીના દિવસે નામ નોંધણી કેમ્પે યોજાશે. નામ નોંધણી માટે આવનાર ઉમેદવારોએ એલ.સી. તથા જો અનામત જાતિમાં આવતા હોય તો સક્ષમ અધિકારીનો જાતિનો દાખલો તથા શૈક્ષણિક લાયકાતના

તમામ અસલ પ્રમાણપત્રો તથા પ્રમાણિત કરેલ તમામ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફસ અને ઈ-મેઈલ આઈડી સાથે લાવવા જિલ્લી રોજગાર અધિકારીશ્રી, પાટણની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાટણનું જુનુ બસ સ્ટેન્ડ દોઢ વર્ષ બાદ શરૂ થશે: વર્કશોપ સિધ્ધપુર ચોકડી ખસેડાશે

પાટણ

પાટણ શહેરનું જુનું બસસ્ટેન્ડ તોડી પાડી નવીન બનાવવાની કામગીરી દોઢ વર્ષ સુધી ચાલશે, વર્કશોપને સિધ્ધપુર ચોકડી ખસેડી બસસ્ટેન્ડ અને વહીવટી કચેરી યથાવત રહેશે

આ સાથે પી.પી.પી. ધોરણે અપાયેલી જગ્યામાં ખાનગી કોમ્પલેક્સ પણ બનાવાશે. મુસાફરોની સુવિધાઓ વધશે. પરંતુ જગ્યાનો વહીવટ ખાનગી કંપનીના હવાલે જશે.

પાટણનું જુનુ બસસ્ટેન્ડ જર્જ-રીત બનતા વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે સિધ્ધપુર ચોકડી ખાતે ખસેડવામાં આવ્યું છે. જુના બસસ્ટેન્ડની જગ્યા નિગમ દ્વારા પીપીપી હેઠળ ખાનગી કંપનીને આપી દેવાઈ છે. જેમાં બસસ્ટેન્ડ રાખી વર્કશોપ સિધ્ધપુર ચોકડી ખસેડવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર બેઝમેન્ટ પાર્કિંગ સાથેના બસસ્ટેન્ડને પૂર્ણ થતાં દોઢ વર્ષ જેટલો સમય લાગશે

આથી મુસાફરોને ૨૦૨૦ માં નવુ બસસ્ટેન્ડ પ્રાપ્ત થશે. જ્યારે વર્કશોપની જગ્યા પર ખાનગી કંપની દ્વારા કોમ્પલેક્સ તૈયાર કરવામાં આવશે. આવી સ્થિતિમાં બસસ્ટેન્ડ તરફના રસ્તામાં ટ્રાફિક સમસ્યા સર્જાવાની ભીતિ રહેવાની સંભાવના છે.

નવા બસસ્ટેન્ડમાં કોમ્પલેક્સના મોડેલ હેઠળ સુવિધા વધશે તો સામે કોમર્શિયલ માધ્યમથી ખાનગી કંપનીને વકરો થશે.

ભાડા પટ્ટે નિગમે જગ્યા આપી હોઈ સિક્યુરીટી, સફાઈ અને હાસકિપીંગ સહિતની બાબતોનો હવાલો કંપનીને મળશે.

## પાટણ જિલ્લા પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા એસએમસી અંતર્ગત સભ્યોની તાલીમમાં છ લાખની ગેરરીતિ

પાટણ

પાટણ જિલ્લા પ્રાથમિક શિક્ષણ તંત્ર દ્વારા કેટલાક મહિના અગાઉ યોજાયેલી તાલીમમાં જેન્ડર કો-ઓર્ડિનેટર સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થતાં શિક્ષણ કચેરી દ્વારા તપાસ ચલાવવામાં આવતા પ્રથમ દ્રષ્ટિએ છ લાખ રૂપિયાની ગેરરીતિ થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હોવાનું ડીપીઓએ જણાવ્યું હતું. જિલ્લામાં થોડા માસ અગાઉ જિલ્લા પ્રાથમિક શિક્ષણ તંત્ર દ્વારા એસ.એમ.સી. અંતર્ગત સભ્યોની તાલીમ યોજાઈ હતી. જે વાસ્તવિક ખર્ચ થયો હતો. તેના કરતાં વધુ ખર્ચ બતાવી ગેરરીતિ કરવામાં આવી હોવાના આક્ષેપોની સાથે રાજ્ય શિક્ષણ વિભાગમાં રજુઆત થતાં શિક્ષણ વિભાગ દ્વારા પાટણ જિલ્લા શિક્ષણાધિકારીને તપાસ સોંપવામાં આવતા તપાસ સમિતિ બનાવવામાં આવી હતી. જેમાં એકાઉન્ટ અધિકારી અને કેળવણી નિરીક્ષક દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં જેન્ડર કો-ઓર્ડિનેટર અંજુબેન પટેલ દ્વારા તાલીમમાં અંદાજે રૂા. ૬ લાખ જેટલી ગેરરીતિ કરી હોવાનું પ્રાથમિક તપાસ સમિતિને ધ્યાને આવ્યું હોવાનું પ્રાથમિક શિક્ષણા ધિકારીએ જણાવેલ. વધુમાં તપાસ સમિતિએ તપાસ પુર્ણ કરી તેનો અહેવાલ રાજ્ય કક્ષાએ મોકલી આપવામાં આવેલ. ત્યારે હવે વડી કચેરી દ્વારા જે નિર્ણય કરવામાં આવશે તે મુજબ શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે.

## મહેસાણામાં - લકી ડ્રો ચલાવતી પેઢીનું ઉઠમણું : છેતરપીંડીના કેસમાં બે જણાની ધરપકડ

મહેસાણા

મહેસાણા શહેરના રાધનપુર ચોકડી નજીક લક્કી ડ્રોની સ્કીમ ચલાવતી પેઢીના સંચાલકો એક માસ પૂર્વે ઓફિસને તાળા મારી ભાગી છૂટ્યા હતા. આ અંગે મહેસાણા બી ડિવીઝન પોલીસ મથકે ૪ વ્યક્તિઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવામાં આવી હતી. જેના આધારે પોલીસે ગુનો દાખલ કરી આરોપીઓની શોધખોળ આરંભી હતી. આ કેસમાં સંડોવાયેલી બે વ્યક્તિઓની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જાણવા મુજબ મહેસાણા-રાધનપુર ચોકડી નજીક આવેલા ક્રિષ્ના કોમ્પલેક્સમાં રોહિત પટેલ ઉર્ફે પેન્ટર, પાવન પટેલ ઉર્ફે લકી, વિપુલ ચૌધરી અને કિરણ નાયક નામના ઈસમોએ સદ્ભાવના ફાઉન્ડેશન નામે ઉમિયા કૃપા લકી ડ્રોની સ્કીમ શરૂ કરી હતી. તેમાં પ્રતિમાસે રૂા. ૫૦૦ ભરીને ૪૦ હપ્તા બાદ ૧૮ ટકા વ્યાજ સહિત ગ્રાહકોને નાણાં પરત આપવાના હતા. પરંતુ સ્કીમની મુદ્દત પુરી થયા બાદ સ્કીમમાં નાણાં રોકનાર ગ્રાહકોને પોતાના પૈસા પરત નહિં મળતાં હોબાળો થયો હતો. અને સંચાલકોએ નાણાં પરત આપવા ગલ્લા તલ્લાં કર્યા હતા. ત્યારબાદ એકાએક સંચાલકો ઓફિસને તાળા મારી ફરાર થઈ ગયા હતા. આ અંગે મહેસાણા બી ડિવીઝન પોલીસ મથકે ગત તા. ૨/૬/૧૮ ના રોજ છેતરપીંડીનો ભોગ બનેલા ગ્રાહ-કોએ રૂા. ૨૩.૭૧ લાખની છેતરપીંડી અંગેની ફરિયાદ નોંધાવી હતી.

આ કેસની તપાસ ચલાવનાર પોલીસે રોહિત નાથાલાલ ઉર્ફે પેન્ટર (રહે. પાંચોટ) અને પટેલ પાવન ઉર્ફે લકી વિષ્ણુભાઈ (રહે.મહેસાણા) ની ધરપકડ કરી છે.

## મહેસાણામાં બાઈક અને એક્ટીવા વચ્ચે અકસ્માતમાં મહિલાને ગંભીર ઈજા

મહેસાણા

મહેસાણાના કસ્બા શોભાસણ રોડ પર બાઈક અને એક્ટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો, આ અકસ્માતમાં એક્ટીવા સવાર મહિલાને આંખ નજીક ઈજા પહોંચી હતી. આ મામલે બાઈક ચાલક પઢારિયાના ઈસમ વિરૂધ્ધ શહેર એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી. જાણવા મુજબ વિરમગામના કરકમલ ગામના પ્રકાશસિંહ જોરૂભા ઝાલાએ ગત રવિવારે મહેસાણાના પઢારિયાના ગોવિંદજી પરથીજી ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપીએ ગત રવિવારે પોતાનું બાઈક પુરઝડપે ચલાવી મહેસાણા કસ્બા શોભાસણ રોડ પર હંકારી સામેથી આવતા એક્ટીવાને ટક્કર મારતા તેની ચાલક કંચનબેન ઝાલા નીચે પટકાતા આંખના ભાગે ઈજા થઈ હતી. આ અંગે શહેર એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી હતી.

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે દુધના ભાવવધારામાં કરાયો

હિંમતનગર

સાબરડેરી દ્વારા હરહંમેશ દૂધ ઉત્પાદકોના હિત જળવાય તેવા જ નિર્ણય કરેલ છે. પરંતુ વૈશ્વિક બજારમાં પ્રવર્તમાન મંદીને કારણે ગત વર્ષની સરખામણીએ વર્ષ-૨૦૧૭-૧૮ માટે ૩.૩૦% રકમ ભાવફેરના રૂપે ચુકવવા સાબરડેરી દ્વારા નિર્ણય કરી દુધ મંડળીઓને આ અગાઉ જાણ કરવામાં આવી હતી. જે દૂધ ઉત્પાદકોની અપેક્ષા મુજબ ન હોવાની રજુઆતો કરવામાં આવતી હતી. કારણકે દુધ ઉત્પાદકો પણ વર્ષ આખરે મળતા ભાવવધારાની આશાએ ખેતીના અને અન્ય સામાજીક આયોજન કરવા ટેવાયલ હતા અને ઓછા ભાવવધારાના કારણે દુધ ઉત્પાદકોનું આયોજન ખોરવાઈ જવાની લાગણી હતી.

દુધ ઉત્પાદકોની લાગણીને ધ્યાને રાખી તા. ૫/૭/૨૦૧૮ ના રોજ સાબરડેરી ખાતે સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાના ભારતીય કિસાન સંઘના જિલ્લા અને તમામ તાલુકાના આગેવાનો- હોદ્દેદારો, બંને જિલ્લાની દુધ મડળીઓના ચેરમેન- સેક્રેટરી પ્રતિનિધિઓ, પ્રગતિશીલ તબેલા ધરાવતા મોટા દુધ ઉત્પાદકો મળી ૩૦૦ વ્યક્તિઓએ સાબરડેરી કસ્ટોડીયન કમિટીના કમિટી સભ્યો તથા સાબરડેરીના નિયામક મંડળના પૂર્વ સદસ્યોની હાજરીમાં દુધ ઉત્પાદકોને ભાવવધારો ઓછો હોવા અંગે તે બાબતે ફેરવિચારણા કરી માર્ગ કાઢવા રજુઆત કરી હતી.

આગેવાનોની રજુઆતોને ધ્યાને લઈ સાબરડેરી કસ્ટોડીયન સભ્યોને ઓછા ભાવવધારાને લક્ષ્યમાં રાખી દુધ ઉત્પાદકોની ભાવના અને લાગણીને સમજી વ્યાપક હિતને ધ્યાને લઈ હકારાત્મક નિર્ણય કરવામાં આવ્યો હતો. સાબરડેરી કસ્ટોડીયન કમિટીના પ્રમુખ જેઠાભાઈ પટેલે દુધ ઉત્પાદકોને નવા વર્ષ એટલે કે ચાલુ વર્ષમાં ગુજરાત સરકાર પાસેથી મંજુરી લઈ ૧૦૦ કરોડ જેટલો ખર્ચ પાડી બનાસડેરી દ્વારા જાહેર કરેલ ભાવવધારાને સમકક્ષ ૬.૫૦% ભાવવધારો દુધ ઉત્પાદકોને ચુકવવા અંગે જાહેરાત કરવામાં આવી હતી. જેને હાજર તમામ આગેવાનોએ ઉમળકાભેર આવકારી સાડા ત્રણ લાખ દુધ ઉત્પાદકો વતી જેઠાભાઈ પટેલ અને કમિટીનો આભાર વ્યક્ત કર્યો હતો.

## રાધનપુરમાં નવીન કોર્ટ સંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




રાધનપુર

રાધનપુરમાં મહેસાણા રોડ ઉપર બનેલ નવીન કોર્ટ સંકુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો,આ પ્રસંગે વન વિભાગના સંકલનથી લીમડો, જાંબુડી, કરેણ સહીત જાતોના સોથી વધુ વૃક્ષ રોપવામાં આવ્યા હતા. પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ બી.જી.પટેલ, બાર એસોસિયેશનના પ્રમુખ એમ. જી. પંડ્યા,ઉપપ્રમુખ એમ. જે.ઠક્કર, બાર એસોસિયેશનના પૂર્વ પ્રમુખ બાબુભાઈ મકવાણા, મહેશભાઈ મુલાણી, નવીનભાઈ પટેલ સહીત વકીલ મંડળના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

